# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 10

અન્ય પૃષ્ઠો પર...

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

04 કશ્મીર
પ્રવીણ ગઢવી

06 શ્રીમદ્ રાજચંદ્રને સાર્ધ...

07 સાહીત્યકારને ઈનામો
ઝવેરચંદ મેઘાણી

09 ગુજરાત ખેડુત સમાજ

11 તમને ક્રોધ આવે છે ? કેવો ?
યશવન્ત મહેતા

13 દીલીપ રાણપુરા : મોંમેળાના...
હર્ષદ ત્રીવેદી

18 નવું વાચન

21 પત્ર-સાર

23 જવાહરલાલ નેહરુનું...
કૃષ્ણકાંત સુ. પંડ્યા

27 ગુજરાત 2017
મનીષી જાની

## પહેલી કવીતા જન્મી ત્યારે હાથમાં કલમને બદલે દાતરડું હતું !

...અહીં સુધીનો જીવનપ્રવાસ સતત ગતીશીલ રહ્યો છે. સતત ચાલતો રહ્યો છે. અધવચ્ચે છાંયડો જોઈને બેસી જવાની ક્યારેય કોઈ લાલસા થઈ નથી. રસ્તા ફંટાતા રહ્યા. દરેક ફંટાતા રસ્તાએ એક નવો માર્ગ મને ચીંધ્યો છે. દીશાઓ બદલાતી રહી. પ્રત્યેક દીશાએ નવો પ્રકાશ પ્રાપ્ત થયો છે. અજાણ્યા અને સાવ અણધાર્યા વળાંકો મારા માર્ગમાં એક પછી એક આવતા ગયા અને હું એ વળાંક ઓળંગીને આગળ વધતો જ રહ્યો. દરેક વળાંકે મને નવું જગત પ્રદાન કર્યું છે. કોઈ પણ વળાંકે મને ‘પાછો વળ’ કહેવાને બદલે આગળ વધવાની જ પ્રેરણા આપી છે. નવો ઉત્સાહ, નવો ઉમળકો અને નવી શક્તી પણ આપી. દાતરડાથી કલમ સુધી અને કલમથી કૅમેરા સુધીના મારા આ પ્રવાસમાં સૌ પ્રથમ પગથીયાનું નામ છે કવીતા ! કવીતા મારી નીકટ આવી પણ હું એને ઓળખતો નહોતો. આને કવીતા કહેવાય, એવું હું જાણતો નહોતો. કવીતાના વીધવીધ સ્વરુપો હોવાની પણ મને જાણ નહોતી અને હું કવીતાના પંથે ચાલી પડ્યો હતો. કવીતાની પહેલી પંક્તી આવી ત્યારે મારા હાથમાં કલમને બદલે દાતરડું હતું !...

વગર ઓળખાણે કવીતા મારામાં પ્રવેશી એ રીતે - બરાબર એ જ રીતે કશાય પુર્વ પરીચય વગર મણીભાઈ શાહે મારો હાથ ઝાલીને ઉભો કર્યો અને ધનતેજથી સાવલી સુધીનો રસ્તો ચીંધી આપ્યો. પછી તો સ્વબળે સાવલીથી વડોદરા, વડોદરાથી મુંબઈ અને મુંબઈથી ઈંગ્લેન્ડ અને ઓમાન સુધી અને ડમણીયાથી પ્લેન સુધીનો વણથંભ્યો પ્રવાસ શરુ થઈ ગયો. તે આજે પણ થંભ્યો નથી. મુશાયરા પ્રવૃત્તી વીકસી અને દુરદુર સુધી વીસ્તરી હોવાથી તારીખોની ખોટ પડવા લાગી...

હું જીવનમાં ક્યારેય નીરાશ થયો નથી. અપેક્ષા નીરાશાની જનક છે. મેં મારા માટે કોઈ અપેક્ષા રાખી નથી ! નોકરીની, કામની કે ધંધાની, કશાની અપેક્ષા મેં રાખી નથી. હું વડોદરા આવ્યો અને ફાઈનાન્સ કંપનીમાં મૅનેજરના પદ પર મને નોકરી મળી એ નોકરી સામે ચાલીને આવી હતી. પત્રકારત્વમાં પણ મને સામેથી ઓફર આવી છે અને એ પણ ત્રણેક વાર નોકરી બદલાઈ ખરી પણ એ દરેક નોકરી સામેથી તેડું લઈને જ મારી પાસે આવી હતી. મેં ત્રણ ચાર નાટકો લખ્યાં એ પણ આદરણીય જગદીશ પંડ્યા તરફથી સામેથી માગણી થઈ પછી મેં લખ્યાં છે...

[લેખક - શાયર - નાટ્યકાર-ફીલ્મકા - ખલીલ ધનતેજવીની કારકીર્દી-કથા **’’સોગંદનામું’ માંથી સાભાર. પુસ્તકની વીગતો માટે જુઓ ’’નવું વાચન.’**]

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### વીદેશનીતી અને ઘરઆંગણે મળતી નીષ્ફળતાઓ

છેલ્લા અંકમાં ‘સાંપ્રત’ની શરુઆત ‘મોદી સરકાર શું રામભરોસે ચાલે છે ?’ના મુદ્દાઓથી કરી હતી... આજે એવું લાગે છે કે એમના રામ પણ ભાજપાવાળાનો ભરોસો કરતાં નથી ! ફરીથી વીદેશ નીતી અને ઘર આંગણે જે કાંઈ ચાલી રહ્યું છે તેના મુદ્દાઓ અંગે કંઈક વીશેષ :

• અમેરીકાએ નાણાકીય વર્ષ 2018માં ભારતને મળવાપાત્ર આર્થીક મદદ બંધ કરવાની યોજના બનાવી છે. જો કે, તેણે પાકીસ્તાનને અપાનારી 20 કરોડ ડોલરની સહાયતા ચાલુ રાખવાનો નીર્ણય લીધો છે. અમેરીકામાંથી બીજા દેશોને અપાતી નાણાકીય સહાય અંગેના દસ્તાવેજોમાંથી આ ઘટસ્ફોટ થયો છે. અમેરીકાએ આ અંગે કોઈ જાહેરાત કરી નથી પણ અમેરીકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી ભારતને મળનારી આર્થીક મદદમાં થનારો કાપ મોટી પીછેહઠ માનવામાં આવી રહી છે. હમણાં સુધી એમ માનવામાં આવતું હતું કે, ટ્રમ્પ ભારત સમર્થક અને પાકીસ્તાનવીરોધી છે પણ વ્હાઈટ હાઉસ વહીવટીતંત્રે ભારતના બજેટમાં કાપ મુકતાં આ ભ્રમણા તુટી ગઈ છે. અગાઉ, ટ્રમ્પે પર્યાવરણ સંરક્ષણ માટેના ખર્ચમાં કાપ મુક્યો હતો જેથી આકરી ટીકા થઈ હતી. [સૌજન્ય : નવગુજરાત સમય : 7-5-2017]

• તા. 11-5-2017ના સમાચાર : રાજપુતાના રાયફલ્સના આર્મી ઓફીસર લેફ્ટનન્ટ ઉમર ફયાઝ (ઉ.વ. 22) તેમની પીતરાઈ બહેનના લગ્ન માટે પહેલીવાર રજા લઈને વતન કશ્મીરમાં આવ્યા, તેમણે શહીદી વહોરી. વતનની એમની લશ્કરી અધીકારી તરીકેની મુલાકાત અંતીમ બની ગઈ !

• પાકીસ્તાની આતંકવાદીઓને નાણાં ન મળે તે નોટબંધી લાદવા પૈકી એક હેતુ હતો. હવે કશ્મીરની બેંકોમાંથી છેલ્લાં છ મહીનામાં 92 લાખ રુપીયાની લુંટ થવા પામી છે. આતંકનો ગઢ ગણાતાં દક્ષીણ કશ્મીરમાં કેશવાન અને એટીએમની લુંટફાટ-હત્યાઓ પછી ભારેલો અગ્ની જેવી સ્થીતી છે. જમ્મુ-કશ્મીર બેંકર્સ સમીતીમાં નીર્ણય લેવાયો કે 40 બેંકોમાં રોકડ વ્યવહારો બંધ, બેંકોને વધુ સુરક્ષાકર્મીઓ તેમજ બુલેટપ્રુફ કેશવાન ફાળવ્યા પછી જ બેંકીંગ સેવાઓ રાબેતા મુજબ કરાશે.

• અમેરીકા, ચીન, રશીયા અને સાઉદી અરેબીયા પછી સંરક્ષણ પાછળ ખર્ચ કરવામાં ભારત પાંચમા ક્રમે ! ભારત 55.9 અબજ ડોલર ખર્ચે છે. પાકીસ્તાન તો ટોપ 15 દેશોમાં પણ નથી, છતાં આવી સ્થીતી છે ! [ગુજરાતમીત્ર : 25-4-2017]

• ચીંતાજનક વૈશ્વીક સમાચારો વચ્ચે આનંદની લહેરખી જેવા સમાચાર ફ્રાન્સથી મળે છે. આમ તો ફ્રાન્સ પર પણ આતંકવાદી હુમલાઓ ચાલુ છે, અનેક નીર્દોષ લોકો એમાં માર્યા જાય છે. તેમ છતાં ત્યાંના મતદારોએ ઈમાન્યુએલ મેક્રોનને ફ્રાંસના પ્રમુખપદે ચુંટી કાઢ્યા છે. તેઓ ઢોંગી રાષ્ટ્રવાદી નીતી ધરાવતાં નથી. માત્ર 39 વર્ષના યુવાન છે. ઉગ્ર રાષ્ટ્રવાદમાંથી જન્મતો દ્વેષીલો માર્ગ નહીં પરંતુ મધ્યમ માર્ગ અપનાવીને આતંકવાદનો સામનો કરવામાં માને છે, એમનું સ્વાગત !

### મોદી સરકારનાં ત્રણ વર્ષ...

નરેન્દ્રભાઈ મોદી તેમની ‘સલ્તનત’નાં ત્રણ વર્ષ આ પખવાડીયામાં પુર્ણ કરશે... ભાવભીની શુભેચ્છાઓ...

એવું કહેવાય છે કે તેઓ ‘રીપોર્ટ કાર્ડ’ રજુ કરશે. આપણી અપેક્ષા એવી છે કે તેમાં આવી બાબતો હોય : (1) બેરોજગારી કેટલી ઘટી,

*હમણાં સુધી એમ માનવામાં આવતું હતું કે, ટ્રમ્પ ભારત સમર્થક અને પાકીસ્તાનવીરોધી છે પણ વ્હાઈટ હાઉસ વહીવટીતંત્રે ભારતના બજેટમાં કાપ મુકતાં આ ભ્રમણા તુટી ગઈ છે.*

(2) શૈક્ષણીક વીકાસ કેટલો થયો, (3) આરોગ્યક્ષેત્રે સરેરાશ આયુષ્ય, માતૃમરણ પ્રમાણ, શીશુમૃત્યુ પ્રમાણ, કુપોષણનાં આંકડાઓની 2014 તથા હાલની તુલના, (4) અન્નસુરક્ષા ક્ષેત્રની સીદ્ધીઓ, (5) ઝુંપડાની જગ્યાએ થયેલાં પાકાં મકાનો, (6) નવી રેલવેલાઈનો (ભલે આયોજન 2014 અગાઉ થયું હોય), (7) નવા રસ્તાઓ, (8) ખેતપેદાશો (દુધ સહીત)નો ખેડુતોને મળેલો ફાયદો, (9) દલીતો - આદીવાસીઓની સ્થીતીમાં સુધારો.



[સૌજન્ય : 'નવગુજરાત સમય']

ગુજરાતના સ્થાપના દીવસની ઝાકઝમાળ જેવી રોશની - આતશબાજી તેમજ કેટરર્સ, ડેકોરેટર્સ, વીશાળ ડોમમાં યોજાતાં કાર્યક્રમો કરવા જ હોય તો સરકારી ખર્ચે ન જ કરો - ભારતીય જનતા પક્ષ ખર્ચ કરી શકે એટલો સમૃદ્ધ તો છે જ !

## ન્યાયતંત્ર ક્ષેત્રે ચાલતું અવનવું...

• જસ્ટીસ કરનન અને સુપ્રીમ કોર્ટ વચ્ચેનો વીવાદ ખુબ લાંબો ચાલ્યો. એક બાજુ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ સહીત અન્ય ન્યાયમુર્તીઓ સર્વાનુમતે જસ્ટીસ કરનનને સજા ફટકારતાં હતા, હાજર રહેવાનું ફરમાન કરતા હતા. જસ્ટીસ કરનન પણ જજસાહેબોની અવમાનના કરતા હતા. સ્વતંત્ર ભારતના ઈતીહાસમાં આટલું બધું અશોભનીય અને ચીંતાજનક કાર્ય ક્યારેય થયું નથી. આ લખાય છે ત્યારે સુપ્રીમ કોર્ટે જસ્ટીસ કરનનને છ માસની જેલની સજા જાહેર કરી છે તેમજ આ મુદ્દે મીડીયાએ પણ ખામોશ રહેવું એવો આદેશ આપી દીધો છે ! એટલે હવે શાંતી... શાંતી... શાંતી !

## અખબારી આયનામાં ગુજરાતની ભાજપ સરકાર

• પાકીસ્તાન દ્વારા માછીમારોના અપહરણ અને યાંત્રીક બોટને પાક મરીન દ્વારા ઘેરીને ઉપાડી જવાની ઘટના બેરોકટોક ચાલુ જ છે. નાપાક પાક.ની નફ્ફટાઈ ચાલુ રહેતાં પોરબંદરની વધુ 5 બોટ અને 30 માછીમારોના અપહરણ કરવામાં આવ્યા છે. [સંદેશ : 4-5-2017]

• ગતીશીલ ગુજરાત મોડેલની માત્ર વાતો : હેલ્થ પોલીસીમાં દર વર્ષે 12થી 15 ટકા મેડીકલની બેઠકો વધશે એવી જાહેરાત થયેલી છતાં એક પણ બેઠક ન વધી ! [ગુજરાત સમાચાર : 28-4-2017]

• બેટી બચાવો અભીયાન વચ્ચે ભાજપના નેતાના કરતુત ખુલ્યા, તેઓ પ્રતીબંધીત ગર્ભપરીક્ષણના આરોપસર ઝડપાયા. સોનોગ્રાફી મશીન સીલ થયું. રજીસ્ટરમાં ગેરરીતીઓ; દીલ્હીથી આવેલી પાંચ સભ્યોની ટીમનું ઓપરેશન; સમગ્ર પ્રકરણ પર ઠંડું પાણી રેડવા ભાજપ મેદાને. [ગુજરાત સમાચાર : 4-5-2017]

• ગુજરાતમાં પ્રતી એક હજારે બાળમૃત્યુદર 34 છે પરંતુ આદીવાસીઓની વધુ વસતી ધરાવતા જીલ્લાઓમાં બાળ મૃત્યુદર 86. આદીવાસી વીસ્તારોમાં બાળ મૃત્યુદર વધુ હોય તેમાં સમગ્ર દેશમાં ગુજરાત 5મા ક્રમે ! [ગુજરાત સમાચાર : 26-4-2017]

• **તસવીરકથા :** બનાસકાંઠાના અમીરગઢ તાલુકાનાં અંતરીયાળ ગામોની સ્થીતી ભયંકર : ખાટીચીતરા, ઉપલાબાપા ગામોમાં રસ્તાની સુવીધા અપુરતી છે. ઉપલાબાપાની પ્રસુતા કમલીબહેનને પ્રસુતીની પીડા ઉપડતાં કપડામાં લાકડાનું ઘોડીયું બનાવીને ચાર કી.મી.નું અંતર કાપીને યુવાનો તેમને ખભે ઉંચકીને મેઈન રોડ પર લાવ્યા. પછી દવાખાને પહોંચાડી શકાયાં. [સંદેશ :

• હજી નલીયાકાંડનું તપાસ પંચ નીયુક્ત થયું નથી. ચાર્જશીટ ફાઈલ થયાં નથી ત્યાં ભાજપના 'ચાલ, ચરીત્ર અને ચહેરો' દર્શાવતો એક વધુ કાંડ બહાર આવ્યો છે. પ્રશ્ન એવો ઉપસ્થીત થયો છે કે ભાજપાનાં 'ચાલ, ચરીત્ર અને ચહેરો' દર્શાવતો એક વધુ કાંડ બહાર આવ્યો છે. પ્રશ્ન એવો ઉપસ્થીત થયો છે કે ભાજપાના વલસાડના સાંસદ ડૉ. કે. સી. પટેલે દુષ્કર્મ આચર્યું હતું પછી કે હનીટ્રેપ કરવામાં આવી હોવાનો વીવાદ ચાલુ થયો છે. તેમની સામેના ફરીયાદી મહીલા એડવોકેટ છે, બીજી બાજુ સાંસદનો બચાવ એવો છે કે મહીલાએ તેમને બેહોશ કરીને આપત્તીજનક દશામાં ફોટા પાડી દીધા હતા ! બંને વ્યક્તીઓ સુશીક્ષીત છે - ભલીભોળી નથી... 'આગે આગે દેખીયે હોતા હૈ ક્યા ?'

## દુષ્કર્મપીડીત મહીલાઓનાં બે કીસ્સા...

2002ના ગુજરાતના રમખાણો વેળા જે અત્યંત કલંકીત ઘટનાઓ બની તેમાંની એક તે બળાત્કારપીડીતા બીલ્કીસબાનુની... 4થી મે એ મુંબઈ હાઈકોર્ટે હૃદયદ્રાવક બીલ્કીસબાનુના કેસમાં 11 આરોપીઓને આજીવન કારાવાસની સજા અકબંધ રાખી છે. તેમાંય અગાઉ જેઓ બચી ગયેલા તેવા ડૉક્ટર તથા પોલીસ સહીતનાને આજીવન કેદ ફરમાવી છે. આ કેસમાં હીંમતવાન બીલ્કીસ તથા સાચા અર્થમાં તેનાં જીવનસાથીને પણ ધન્યવાદ !

આ ચુકાદા પછીનાં જ દીવસે નીર્ભયાકાંડ તરીકે ઓળખાતા કેસમાં છ આરોપીઓએ સામુહીક દુષ્કર્મ આચર્યું હતું તેનો ચુકાદો આવ્યો ! તે પૈકી એક સગીર હોવાથી અને એકે આરોપી આપઘાત કરવાથી મૃત્યુ પામવાને કારણે ફાંસીની સજામાંથી બન્ને બચી ગયા. ચાર આરોપીને ફાંસીની સજા થશે... સજા, સજાની જગ્યા છે. બાકી એનસીઆરબીના અહેવાલ મુજબ મહીલાઓ ઉપરના અપરાધ ઘટવાના બદલે 25 ટકા વધ્યા છે ! બળાત્કારના સૌથી વધુ કેસ મધ્યપ્રદેશમાં (4,391) છે; ગુજરાતનો ક્રમ પાંચમો (503 કેસ) છે... જોકે બીલ્કીસબાનુ સાથે જે હદે ક્રુરતા આચરવામાં આવી હતી અને તે સમયે તેઓ સગર્ભા હતાં તેથી તે કેસના આરોપીઓને પણ ફાંસીની સજા થવી જોઈએ તેવો એક અભીપ્રાય સાંભળવા મળે છે.

## ઈવીએમ મામલે ચુંટણી પંચનું ઉંહું...

ઈલેક્ટ્રોનીક વોટીંગ મશીન (ઈવીએમ) દ્વારા થતું મતદાન બંધ કરવું જોઈએ એ મુદ્દે એકથી વધુ વખત અહીં લખાઈ ગયું છે, યુપીની ચુંટણી અગાઉ પણ વખતોવખત લખ્યું છે. થોડા દીવસો અગાઉ મધ્ય પ્રદેશમાં કલેક્ટરની હાજરીમાં ઈવીએમ મશીનનું ડેમોન્સ્ટ્રેશન કરાયું ત્યારે મોટાભાગનાં મતો ભારતીય જનતા પાર્ટીને ટ્રાન્સફર થતા હોવાનું જોવા મળ્યું. મહીલા કલેક્ટરે મીડીયાને હળવા અંદાજમાં ચીમકી પણ આપી કે, આ વાત બહાર પાડતાં નહીં ! તાજેતરની ધારાસભાઓની ચુંટણી પછી માયાવતી, કેજરીવાલ, અખીલેશ વગેરે નેતાઓએ પણ બેલેટ પદ્ધતીથી ચુંટણી થવી જોઈએ એવી માગણી કરી છે. તા. 9મીએ દીલ્હીના મુખ્યમંત્રી અરવીંદ કેરીવાલે વોટીંગ મશીનમાં કઈ રીતે ચેડાં

### કશ્મીર
**પ્રવીણ ગઢવી**

**જો હો જન્નત જમીન પર,**
**તો તે અહીં અહીં અહીં જ**
**એમ કહી તમે લાવ્યા અહીં**
**ચોદીશ હરીયાળી ગીરીમાળા**
**વચ્ચોવચ્ચ નીલમણીશું**
**દાલ સરોવર...**
**હંસ જેમ તરતા શીકારા**
**કાંઠે ઉભા અખરોટના મ્હેલ**
**અંદર ગાલીચા...**
**ઉકળતા ક્હાવાની સુગંધ...**
**બાગે નીશાત**
**બાગે શાલીમાર**
**બાગે ફીરદોસ...**
**સ્વર્ગના સઘળા બાગ-બગીચા**
**અને**
**વ્હેતાં ઝરણ શરાબનાં...**
**કેસરનાં ખેતર**
**કમળનાં તળાવ...**
**મીઠું મધુરી શીળી શીરી' હવા...**
**પણ અમે તો જોયું અહીં**
**રક્તરંજીત શીખર બર્ફીલાં...**
**લાલચોકમાં પથ્થરોનો વરસાદ**
**સામે પેલેટગનના સુસવાટા...**
**મશીનગન,**
**એકે ફોર્ટીસેવન રાઈફલની ચીસો**
**બૉંબ વીસ્ફોટ**
**મરણચીસો**
**માનવદેહનાં ચીંથરાં ચોમેર...**
**આકાશમાં**
**હેલીકોપ્ટરો એરફોર્સનાં વીમાનો...**
**પંખીને ઉડવા અવકાશ નહીં...**
**આ તે જન્નત કે જહન્નમ ?**

થઈ શકે છે તે અંગે વીધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યું હતું. એ આખી પ્રોસેસને ટીવી ન્યુઝ ચેનલોએ લાઈવ દર્શાવી હતી. આ કંઈ મહંમદ છેલ કે પછી કે. લાલના જાદુનો ખેલ નહોતો. કેશલેસ ઈન્ડીયા કરવાની લાહ્યમાં નરેન્દ્ર મોદી સરકારે બેંકો અઠવાડીયે કેટલાં ચેક ઈસ્યુ કરી શકે, વધુમાં વધુ કેટલી રકમનાં રોકડ વ્યવહારો થઈ શકે વગેરે અંગે જાતજાતનાં નીયંત્રણો મુક્યાં છે. બીજી બાજુ સાઈબર ક્રાઈમ વધતાં જાય છે અને નીર્દોષ નાગરીકો પરસેવાના નાણાં ગુમાવતાં રહે છે. જેમાં ડેટાની આપ-લે થાય તેનાં ઈલેક્ટ્રોનીક ગેઝેટ દુનીયામાં ક્યાંય પણ હોય તેમાં ચેડાં થઈ શકે છે તે વાતથી ટેકનીકલ લાઈનના જાણકારો માહીતગાર છે. ખુદ ભાજપે 2014 અગાઉ ઈવીએમને ગુનેગાર ઠરાવેલ ! કેજરીવાલે તો કમીશનને સીધો પડકાર ફેંકીને એમ કહ્યું છે કે તે 90 સેકન્ડમાં ઈવીએમનું મધરબોર્ડ બદલી શકે છે. 'સરકારી ઈવીએમ દ્વારા ચેડાં સાબીત કરશો તો મશીનની ચોરીનો કેસ કરીશું અને સરકારી મશીન પ્રયોગ માટે નહીં આપીએ' એવી દમદાટી આપનાર ચુંટણી પંચે આ મુદ્દે પારદર્શીતા દાખવવી જોઈએ.

### દલીતોની અવદશા ક્યારે અટકશે ?

જીનીવા ખાતે યોજાયેલી સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધીકાર પંચની યુનીવર્સલ પીરીયોડીક રીવ્યુ બેઠકમાં ભારત પર સવાલોની તડાપીટ બોલી ગઈ... પ્રશ્ન પુછાયો : 'દલીતો પર અત્યાચારો ક્યારે રોકશો' એવા સવાલો 112 દેશોએ ઉઠાવ્યા. માનવાધીકાર મુદ્દે ભારતે જવાબ આપવો પડ્યો હોય એવો આ ત્રીજો પ્રસંગ છે. અમેરીકાએ બધા દેશોની માફક ભારતમાં દલીતો અને અન્ય અલ્પસંખ્યકો પર થતા અત્યાચારને મુદ્દો બનાવ્યો હતો.

મધ્ય પ્રદેશમાં દલીતોને પીવાનું પાણી ભરતાં અટકાવવા કુવામાં કેરોસીન ઠાલવી દેવાયું. એક દલીત કુટુંબે સવર્ણોની ચેતવણીને અવગણીને તેની દીકરીના લગ્નમાં વરરાજાને બેન્ડવાજા સાથે આવવા દીધા તેની સજા ગામના તમામ દલીતોને અપાઈ. લગ્નની જાન આવી ત્યારે જોકે પોલીસે રક્ષણ આપ્યું હતું પણ બાદમાં સવર્ણોએ આ રીતે વેર વાળી, પાઠ ભણવ્યો ! [ગુજરાતમીત્ર : 1-5-2017] ગુજરાતમાં ત્રણ વર્ષમાં 58 દલીતોએ હીજરત કરવી પડી. [દીવ્ય ભાસ્કર : 2-4-2017]

### ખેડુતોની હાલત : બદથી બદતર

વડાપ્રધાનનું અને સમગ્ર દેશનું ધ્યાન દોરવા માટે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીના વીસ્તારથી ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી - હાલના વડાપ્રધાન-ના વતન વડનગર સુધી ખેડુતોએ યાત્રા કાઢી. આ વાહનયાત્રાને ગુજરાતની સરહદે સોનગઢ ખાતે રોકવામાં આવી. મહારાષ્ટ્રના અપક્ષ ધારાસભ્ય બચ્ચુભાઈ કુડની આગેવાનીમાં નીકળેલી આ વાહનયાત્રાને ગુજરાતમાં પ્રવેશી દેવાઈ નહીં. આ 'ચાબુકયાત્રાના' ખેડુતોને જમાડવા માટે ગયેલા ગુજરાત ખેડુત સમાજના અગ્રણીઓની પણ અટકાયત કરવામાં આવી.

સુરત-બોટાદની મુલાકાત વેળા 'સૌની યોજના' હેઠળ ખેડુતોને સીંચાઈનું પાણી આપવાની મોટા પાયે જાહેરાતો કરવામાં આવી. વડાપ્રધાને પાણીમાં પુષ્પો વેર્યા. ખેડુતોને ખુશ ખુશ કરી દીધા પરંતુ ઉદ્ઘાટન પછી 21મી એપ્રીલે પાણીની નહેરો બીલકુલ ખાલીખમ, કોરી હોવાની તસવીરો પ્રગટ થઈ. [ગુજરાત સમાચાર : 21-4-2017]

દાંતીવાડા - સીપુ જળાશયના ખેડુતોને સીંચાઈ અને પીવાનું પાણી મળતું નથી. ખેડુતોએ પાલનપુરમાં કલેક્ટરને આવેદનપત્ર આપ્યું અને પાટણ જતી કેનાલનું પાણી રોકવાની ચીમકી આપી... આપણે ભુલવું ન જોઈએ કે દેશમાં 2013થી અત્યાર સુધીમાં 12 હજાર ખેડુતો આપઘાત કરી ચુક્યા છે ! બીજી બાજુ આ લખાય છે તે દીવસે ડુંગળીનાં ભાવ ન મળવાથી ખેડુતોએ ડુંગળી રસ્તા પર ફેંકી દીધી છે... દક્ષીણ ગુજરાતના ખેડુતોને તુવેરદાળની ખરીદીના કેન્દ્રો શરુ થયા ન હોવાથી કરોડો રુપીયાનું નુકસાન થઈ રહ્યું છે. ❑

# શ્રીમદ્ રાજચંદ્રને સાર્ધ શતાબ્દી વંદના !

• સૌરાષ્ટ્રમાં એક નાનકડું ગામ વાવણીયા-બંદર. રવજીભાઈ અને એમનાં પત્ની દેવબાઈને ત્યાં 1867ના નવેમ્બરની નવમી તારીખે એક પુત્રનો જન્મ થયો. માતાપીતાએ હુલામણું નામ આપ્યું 'લક્ષ્મીનંદન.' પછી નામ પાડ્યું રાયચંદ. કીશોરવયથી તેઓ કવીતા ને ગદ્યલેખન 'રાજચંદ્ર'ને નામે પ્રગટ કરતા. 'શ્રીમદ્' એમનું લોકપ્રચલીત નામ સંબોધન... ધર્મ-અધ્યાત્મની બાબતમાં ગાંધીજીને શ્રીમદ્નાં વચનોમાં શ્રદ્ધા. ગાંધીજીએ 'સત્યના પ્રયોગો'માં લખ્યું છે :

*"... મારી આધ્યાત્મીક ભીડમાં હું તેમનો આશ્રય લેતો...*

*"... મારા જીવન પર ઉંડી છાપ પાડનાર આધુનીક મનુષ્યો ત્રણ છે : રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સટૉય તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી અને રસ્કીને 'અનટુ ધીસ લાસ્ટ' - 'સર્વોદય' નામના પુસ્તકથી મને ચકીત કર્યો..'*




• શ્રીમદ્ના મન પર બાળપણમાં જ ધર્મસંસ્કાર પડ્યા હતા. તેમની જીજ્ઞાસાવૃત્તી પ્રબળ હતી, તે ધર્મજીજ્ઞાસા તરફ વળી. એમણે જુદા જુદા ધર્મોના ગ્રંથોનો ઉંડો અભ્યાસ કર્યો; નરસીંહ, મીરાં, તુલસીદાસ, સુરદાસ વગેરે સંતોનું સાહીત્ય વાંચ્યું. આ વાચનયાત્રામાં મુખ્યત્વે જૈન ગ્રંથો હતા. જૈન અને વૈષ્ણવ ધર્મમત જાણ્યા પછી એમને લાગ્યું :

*"જ્યાં સ્ત્રીઓ ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મી લીલાની શીક્ષા હોય, રંગરાગ, ગુલતાન અને એશઆરામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય ત્યાંથી આપણા આત્માની શાંતી નથી."*

ભોગપ્રધાન વૈષ્ણવ ધર્મથી ત્યાગપ્રધાન જૈન ધર્મ તરફ શ્રીમદ્ની ગતી રહી. એમનું ચીત્ત જૈન ધર્મમતમાં કંઈક ઠરીઠામ થયું હતું. અને છેવટે તો એમની શ્રદ્ધા આત્મતત્ત્વમાં જ દૃઢ થઈ હતી. જુદા જુદા ધર્મોમાં એક જૈન ધર્મ સૌથી ચડીયાતો એવો મત પણ રહ્યો નહોતો.

• અવધાનશક્તી એટલે એક જ સમયે અનેક કાર્યો ભુલ વગર યાદ રાખવાં અને તે કાર્યો કરવાની શક્તી. શ્રીમદ્ રાજચંદ્ર શતાવધાની હતા, સો કાર્ય એકસાથે કરી શકતા એમ કહેવાય છે...

શ્રીમદે મુંબઈમાં શતાવધાનનો પ્રયોગ કર્યો ત્યારે અંગ્રેજ રાજના ઉચ્ચ પદવીધારી અમલદારો પણ ઉપસ્થીત હતા. શ્રીમદ્ની આ શક્તીથી પ્રભાવીત થઈને એક અમલદારે એમને આ પ્રયોગો કરવા ઈંગ્લૅન્ડ આવવાનું આમંત્રણ આપ્યું, પણ સામાજીક-ધાર્મીક કારણોથી શ્રીમદે આમંત્રણ સ્વીકાર્યું નહીં.

• બાહ્ય શક્તીઓ ને સીદ્ધીઓ અધ્યાત્મસાધનામાં બાધારુપ બને છે, એ સમજાયું ત્યાર પછી શ્રીમદે ક્યારેય આવા પ્રયોગો કર્યા નહોતા. એમણે એ વીશે એક પત્રમાં

લખ્યું છે :

*"ચમત્કાર બતાવી યોગ સીદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહીતપણે સત્યમાં કેવળ અનન્ય નીષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત' જ આચરે છે, જગત જેને વીસ્મૃત થયું છે. અમે એ જ ઈચ્છીએ છીએ."*

શ્રીમદ્‌ની ખરી ખ્યાતી તો એમની અધ્યાત્મવૃત્તી, વૈરાગ્ય ભાવના, તેને અનુરુપ નીતીમય આચારવીચાર, તે પ્રકારનાં સાહીત્યની રચના અને સત્સંગને કારણે પ્રસરી હતી. આરાધક વર્ગ તથા જીજ્ઞાસુઓ આપમેળે એમની પ્રત્યે આકર્ષાતા હતા.

• શ્રીમદ્‌ની ધર્મભાવના સ્પષ્ટ હતી, તે ગાંધીજી સાથેના વાર્તાલાપોમાં પણ પ્રગટ થયા કરતી :

*"ધર્મ એટલે અમુક મતમતાંતર નહીં. ધર્મ એટલે શાસ્ત્રોને નામે ઓળખાતાં પુસ્તકોને વાંચી જવાં કે ગોખી જવાં અથવા તેમાં કહેલું બધું માનવું જ એ પણ નહીં...*

*"...ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ એ સાધન.'*

• તેત્રીસ વર્ષના ટુંકા આયુષ્યમાં શ્રીમદ્‌ રાજચંદ્ર નાની વયથી જ આત્મજ્ઞાન માટે સતત મથતા રહ્યા હતા... 142 ગાથાનો 'આત્મસીદ્ધી' ગ્રંથ શ્રીમદ્‌ રાજચંદ્રના આત્મતત્ત્વ - વીચાર ચીંતનના દોહનરુપ છે.

['શ્રીમદ્‌ રાજચંદ્ર', સંકલન : જયા મહેતા, સાભાર.]

❑

# સાહીત્યકારને ઈનામો

### ઝવેરચંદ મેઘાણી

સાહીત્યકારને ઈનામો કોણ આપી શકે ? કોની પાસેથી ઈનામો સ્વીકારવાં એ વાત સહુએ છણી લઈ ખીલે બાંધવા જેવી લાગે છે.

મહાવીર સ્વામીનું જીવનચરીત્ર લખવા માટે પૈસાદાર જૈન કોમે મોટાં ઈનામની લાલચ આપી છે. 'જૈન' પત્ર પુછે છે : 'આવી લાલચોથી મહાન પુરુષોની ભાવનાઓને મહત્ત્વપુર્વક રજુ કરતું પુસ્તક તૈયાર થઈ શકે કે ? પૈસાની લાલચથી નહીં પણ અંતરની તાલાવેલીથી જ મહાન સર્જનો થઈ શકે.'

*

ગુજરાત પાસે રણજીતરામ સુવર્ણચંદ્રક છે. તે પછી મહીડા-ચંદ્રક થયો. સુરતવાસીઓએ નર્મદ-ચંદ્રકની યોજના કરી છેલ્લે, 'કુમાર' માસીકમાં વર્ષ દરમીયાન ઉત્કૃષ્ટ લેખો લખનારને માટે કુમારચંદ્રક યોજાયો છે.

એક વાત સર્વ ચંદ્રકો પરત્વે કહેવા જેવી છે. મુદ્દો આ છે, કે ચંદ્રકની પ્રતીષ્ઠાને આપણે કેવી રીતે આંકીએ તો સારું ? ચંદ્રક એની વીરલતાએ કરીને વધુ શોભે કે વીપુલતાએ ? ધારો કે આ રીતે વધુ સામયીકો ચંદ્રક-દાન આપતાં બની જાય, સંસ્થાઓ પોતપોતાના ચંદ્રકો કાઢવા માંડે, વ્યક્તીઓ પણ એ માર્ગે ચાલવા લાગે તો ? વર્ષે સોએક રુપીયાના ખર્ચે ચંદ્રક-દાતા તરીકેની નામના ખાટવાનો હીસાબ મુકનારા વધી નહીં પડે ?

ચંદ્રક તો એક ગૌરવ-ચીહ્ન છે. ચંદ્રકોની સંખ્યા વધારવાથી સાહીત્યની પ્રગતી વધારી શકાય એવું લાગતું નથી. પાંચ-સાતને બદલે એકાદ-બે ચંદ્રકો હોય, અને એના વડે વીભુષીત બનનાર વ્યક્તીનું નામ પડતાં અનેક હૃદયો એ કક્ષાએ પહોંચવાની આકાંક્ષાએ સ્પંદોયમાન બની રહે, સમસ્ત પ્રજાને મન એ ચંદ્રકાર્પણ વીધી મહાપર્વ બની રહે, એવા કોઈ આદર્શ પર આપણે ચંદ્રકને આસન આપીએ તો ઠીક નહીં ?

*

કોઈ પણ સાહીત્યકારની સાહીત્યસેવા જો જન્મ-મહોત્સવની અધીકારી હોય, તો પછી હજાર-પંદરસો માણસોની વચ્ચે એની ક્ષણીક પ્રસ્તુતીના અર્થહીન જલસાથી સંતોષ લેવો એ હાંસી છે. એની કૃતીઓ જ ગુજરાતના ઘરોઘરમાં સંઘરાઈ જાય તેવી ભાવના પ્રસરવી ઘટે છે. એનાં પુસ્તકોની કલાવંત આવૃત્તી સસ્તે ભાવે વેચવી ઘટે છે. કવી બોટાદકરની અજરામર જયંતી તે એનાં પુસ્તકોનો અવીરત ઉઠાવ છે. સાહીત્યકારની કૃતીઓનો કલા-રમ્ય અને સસ્તો પ્રચાર એટલે જ એની સાચી જયંતી.

*

જયંતીઓ, સુવર્ણ મહોત્સવો એ સાહીત્યકારો, કલાકારો કે શીક્ષણકારોનાં જીવનના થાક ઉતારવા માટે ને તેમનામાં શુભેચ્છકોની સહાનુભુતીનું નવું બળ રેડી એમના પગને પ્રોત્સાહીત કરવા માટે જરુરના બને છે. શુભચીંતકોનું મંડળ જો શાણું હશે તો આવા ઉત્સવોની મર્યાદાનું પાલન કરવામાં જ પોતાના સન્માનપાત્રનું શ્રેય સમજશે. અતીશયતા જેવી બીજી એકેય હાંસી નથી.

*

પારીતોષીકો, ચંદ્રકો આપવાનો અધીકાર ફક્ત વીદ્યાપીઠોને અથવા લોકમાન્ય સાહીત્યસંસ્થાઓને જ હોઈ શકે. સાહીત્યકારોને જો સ્વમાન જેવી કોઈ ભાવના હોય તો તેઓએ ઈતર ઈનામી પ્રથાઓનો વીરોધ કરવો જોઈએ. એમાં સાહીત્યનું અપમાન રહેલું છે.

[`**પરીભ્રમણ** : નવસંસ્કરણ, ખંડ-1'માંથી સંકલીત કરનાર **મહેન્દ્ર મેઘાણી**]

## એક કવીની વ્યથા

**કીસન સોસા**

12/2195, પ્રણામી મંદીર પાસે, સૈયદપુરા, સુરત-395003

મો. 8866372930

તા. 26-4-2017

પ્રતી,

માન. શ્રી મહેન્દ્ર મેઘાણી

લોકમીલાપ ટ્રસ્ટ, સરદારનગર, ભાવનગર

આદરણીય શ્રી મહેન્દ્રભાઈ,

સાદર નમસ્કાર.

*વીશેષમાં એક અગત્યના પ્રશ્ને પત્ર લખી રહ્યો છું.*

*અહીં સુરતમાં પ્રાત:સ્મરણીય શ્રી ઝવેરચંદ મેઘાણીના નામ સાથે, 'મેઘાણી સાહીત્ય સભા' નામક સંસ્થા ચાલે છે.*

*તેના વર્તમાન કર્તાહર્તા તરીકે શ્રી પ્રવીણ ઉપાધ્યાય, ડૉ. અમુલખ સવાણી અને શ્રી નીલેશ પટેલ છે.*

*ઉક્ત સંસ્થા સમયાંતરે કવીઓને 'મેઘાણી સાહીત્ય એવોર્ડ' આપે છે. એવોર્ડમાં પ્રશસ્તી પત્ર, શાલ અને રુપીયા પચીસ હજાર આપે છે. આ હકીકત મને મોડેથી જાણવા મળી.*

*તા. 7-5-1915ને દીવસો સુરત વરાછા રોડ ખાતે મારું 'સમ્માન' ગોઠવ્યું. સમ્માનમાં ફ્રેમમાં મઢેલું પ્રશસ્તી પત્ર, શાલ અર્પણ કરવામાં આવ્યા. પણ રોકડ રકમ રુપીયા પચીસ હજાર આપવામાં આવ્યા નહોતા.*

*વડોદરાથી 'મુશાયરા' નીમીત્તે નીમંત્રેલા પાંચ કવીઓને રુપીયા હજાર હજારનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો.*

*પરંતુ મને મળવાપાત્ર રકમ રુપીયા પચીસ હજારથી વંચીત રાખવામાં આવ્યો હતો. મારા હકના એ રુપીયા ક્યાં ગયા ? આયોજકો ગપચાવી ગયા ? તપાસ થાય તો હકીકત જાણવા મળે.*

*બીજું, હમણાં સુરતથી પ્રગટ થતા 'સંવેદન' સામયીકના તાજેતરના એપ્રીલના અંકમાં કવી શ્રી નયન દેસાઈનો પરીચય પ્રગટ થયો છે, તેમાં કવીશ્રી નયન દેસાઈને **બબ્બેવાર** 'મેઘાણી એવાર્ડ' મળ્યાનો ઉલ્લેખ છે. આવું થઈ શકે ખરું ?*

*એ પરીચય વાંચ્યા પછી મને લાગ્યું છે કે 'મેઘાણી સાહીત્ય સભા'ના આયોજકોએ મને અન્યાય જ નહીં, અપમાનીત પણ કર્યો છે. આપણું 'લોકમીલાપ ટ્રસ્ટ' સુરતની આ મેઘાણી સાહીત્ય સભા' સાથે સંલગ્ન ખરું ? જો સંલગ્ન હોય તો 'લોકમીલાપ ટ્રસ્ટ'ના આપશ્રીએ પોતાનું નૈતીક ઉત્તરદાયીત્વ નીભાવવું જોઈએ. 'એવોર્ડ'માં ક્યાંક દલીતદ્વેષ તો સક્રીય નથીને ?*

*આશા રાખું છું આપશ્રી યોગ્ય તપાસ કરાવશો અને મને મળવાપાત્ર મારા હકના રુપીયા પચીસ હજાર મને પરત મળે તેવો પ્રબંધ કરશો. આપશ્રીનો સહયોગ મળી જ રહેશે તેવો વીશ્વાસ છે.*

એ જ આપનો,

**કીસન સોસા**

અમદાવાદ, તા. 26-4-2017

**સ્નેહી ભાઈશ્રી,**

થોડા દીવસથી હું અહીં મારાં પુત્રી મંજરીબેનને ત્યાં આવ્યો છું, ત્યાં તમારો પત્ર ભાવનગર થઈને મળ્યો. કાલે હું અમેરીકા નાની દીકરી પાસે જવાનો છું.

તમે જે લખ્યું છે તે વાંચી દુ:ખ થયું. એ સંસ્થા સાથે અમારે કશો સંબંધ નથી, તેનું નામ પણ સાંભળ્યું નથી. તમારું કે કોઈ કવીનું સન્માન કરવાની એની શી લાયકાત

હશે ? તમને રોકડ રકમ ન આપી તે સારું થયું એમ મને તો લાગે છે. આવા નુરભાઈ-જમાલભાઈઓ હમણાં બહુ નીકળી પડ્યા છે. તેમનું સન્માન તમને દુષીત કરનારું મને તો લાગે. હવે એ લોકો રકમ આપવા આવે તો પણ ન લેવાની સલાહ હું તો આપું. બલકે એમની શાલ વગેરે પાછાં મોકલાવી દેવાનું સુચવું.

આવાં સન્માન, પરીષદનાં કે અકાદમીનાં પણ, આપણે પહેલેથી સ્વીકારવાં જ ન જોઈએ. તમારાં કાવ્યોથી ભાવકોએ અનુભવેલો આનંદ એ જ તમારું મોટું સન્માન છે.

લી. સેવક

**મહેન્દ્ર મેઘાણી**

❑

# ગુજરાત ખેડુત સમાજ

ખેત ભવન, કારગો મોટર્સ સામે, ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-380027 www.gujratkhedutsamaj.org

# ખુલ્લો પત્ર

તા. 9-5-2017

પ્રતી,

મુખ્ય મંત્રીશ્રી,

ગુજરાત રાજ્ય,

સચીવાલય, ગાંધીનગર.

વીષય : ધોલેરા એસ.આઈ.આર. વીસ્તારની પેટા નહેર શાખા નં. 4-બી બાબતે.

માનનીય મુખ્ય મંત્રીશ્રી,

સસ્નેહ નમસ્કાર.

ખુબ દુ:ખ સાથે કહેવું પડે છે કે આપના શાસનકાળમાં વહીવટ સાવ ખાડે ગયો છે. સરદાર સરોવર નર્મદા નીગમમાં વેબસાઈટ પર દર્શાવાયેલા મોબાઈલ ફોન ઉપડતા નથી. ઈમેલના જવાબ આપવાનો રીવાજ જ નથી તો પછી ઈ-મેઈલ આઈડી શા માટે અપાય છે તે સમજાતું નથી. લેન્ડ લાઈન ફોન પણ ઉપાડ્યા વગર જ રીંગો પુરી થાય છે અથવા તો સીધી ખો આપી દેવાય છે. આને વહીવટ કહેવાય કે કેમ તે જ સમજાતું નથી.

ધોલેરા એસ.આઈ.આર. વીસ્તારના ખેડુતો કમાન્ડ, ડી-કમાન્ડ અને રી-કમાન્ડની રમતમાંથી મહાપરાણે પાર ઉતર્યા પછી હવે સરદાર સરોવર નર્મદા નીગમ અને વાપકોસ વચ્ચે ખો-ખો રમી રહ્યા છે.

છેલ્લા એક-દોઢ મહીનાની વાત કરીએ તો,

1. કાર્યપાલક ઈજનેરશ્રીની લીમડી મુકામે કુલ ત્રણ મુલાકાત લીધી,

2. ધંધુકા ઓફીસે એકવાર રુબરુ ગયા, વારંવાર ફોન કરીએ તો વાપકોસમાં કામ પડતર હોવાનો જવાબ મળે છે,

3. વાપકોસમાં ત્રણ વખત રુબરુ ગયા, પહેલી વખત એક અઠવાડીયામાં થતી જશે એવો જવાબ આપ્યા પછી આજે એક મહીનાથી વધારે સમય થવા છતાં કોઈ કામ થયું નથી.

4. સરદાર સરોવર નર્મદા નીગમના એમ.ડી.શ્રીની મુલાકાત માટે ત્રણ ત્રણ ઈ-મેઈલ કર્યા, મુલાકાત મળતી નથી, કામ થતું નથી.

5. આ બધું કર્યા પછી નાછુટકે આપના સ્તરે વાત મુકી છે, કામ થશે કે કેમ એની ખબર નથી.

અમારા માટે આ આખા વરસનો સવાલ છે. કામ થોડા દીવસ મોડું થાય એટલે પછી ચોમાસું બેસી જશે, તંત્રને કામ ના કરવા માટેનું બહાનું મળી જશે અને ખેડુતોનું આખું વરસ રખડી પડશે. ખેડુત મરે કે રીબાય એમાં સરકાર કે તંત્રને કોઈ નીસ્બત હોય એવું દેખાતું નથી.

સરકાર અને તંત્રને ભલે પરવા ના હોય, અમને અમારું જીવન વહાલું છે, અમારે જીવવું છે, એટલા માટે, અમે મોટી સંખ્યામાં ખેડુતો વાપકોસની ઓફીસ નીચે અથવા ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણીએ કામ ના થાય ત્યાં સુધીની મુદતનાં ધરણાં પર બેસીશું.

ખેડુતોની સંખ્યા હાલ જણાવી શકતા નથી. કારણ, નર્મદાના પાણી માટે આખા ગુજરાતમાં કાગારોળ છે. હૈયાબળ્યા ખેડુતો ઠેર ઠેરથી આવીને અમારી સાથે જોડાય તો તેમને અમે ના કેવી રીતે પાડી શકીએ...

આમ કરવાથી દેશ અને દુનીયાના ચોકમાં સરકાર અને સરદાર સરોવર નર્મદા નીગમ ઉઘાડાં પડી જશે. ડેમના વીરોધ વખતે નર્મદા બચાવો આંદોલન જે આક્ષેપ કરતું હતું કે, 'આ ડેમ ખેડુતો માટે બનતો જ નથી, આનું પાણી તો ઉદ્યોગો અને ઉદ્યોગપતીઓ માટે વાપરવાનું છે.' હાલની સ્થીતી એવી જ છે, ઉદ્યોગોને યુદ્ધના ધોરણે પાઈપ લાઈનો નાખીને પાણી પહોંચાડાય છે જ્યારે ખેડુતોએ પાણી મેળવવા દર દર ઠોકરો ખાવી પડે છે !

ગુજરાતની બદનામીની બીકે અમે ક્યાં સુધી સહન કરીએ ? છતાં પાણીએ અમે ક્યાં સુધી સુકી ખેતી કરીએ ?

પાણી માટે ધરણાં યોજીશું, બેસીશું, કામ નહીં થાય ત્યાં સુધી ઉઠીશું નહીં.

અમારો અનુભવ છે કે, પોલીસ મંજુરી નહીં જ આપે, લોકશાહી મરણપથારીએ છે જ. અમારી ધરપકડ થશે, કેસ દાખલ થશે. કદાચ, સાણંદના ખેડુતોની જેમ અમારે પણ પાણી માગતાં પોલીસની લાઠીઓ ખાવી પડે, ઘાયલ થવું પડે, કદાચ ગોળી ખાવી પડે તો ખાઈ લઈશું.

આ સીવાય બીજું કરી શું શકીએ ?

આશા છે, ખેડુતોને આપની સરકાર નર્મદાનાં પાણીને બદલે પોલીસની લાઠીઓ અને ગોળીઓ નહીં આપે.

અમે બરાબર એક અઠવાડીયે, આવતા મંગળવર, તા. 16-5-17, 12 વાગ્યાથી બળતા તાપમાં, વાપકોસની ઓફીસ નીચે, થલતેજ, અમદાવાદ અથવા ગાંધીનગર ખાતે ધરણાં શરુ કરીશું.

સાભાર.

લી.

**સાગર રબારી**

મંત્રી, ખેડુત સમાજ (ગુજરાત)

તા.ક. અખબારો અને અખબારી પ્રતીનીધીઓને પણ મોકલી આપું છું જેથી જનતા ચુંટણીમાં મત આપતાં પહેલાં વહીવટ અને વાસ્તવીકતાથી વાકેફ થાય.

❑

# તમને ક્રોધ આવે છે ? કેવો ?

યશવન્ત મહેતા

વાચક દોસ્તો ! કાંઈ કેટલાંય અઠવાડીયાંથી અહીં આપણે રાજકારણવીષયક સહચીંતન કરી રહ્યાં છીએ. આ અઠવાડીયે નક્કી કર્યું છે કે જરા હટકે વાત કરવી; જરા જુદી દીશામાં વીચારવું. જાહેર જીવન એને સ્થાને બરાબર છે; આજે નીજી જીવન વીશે કાંઈક વીચારવું. અને એ વીચાર પ્રતી દોરનાર પ્રશ્ન છે : તમારી ઉંમર કેટલી થઈ ?

જવાબ અસંખ્ય હોય. પણ આપણે ધારીએ : પચાસ. તમે કયા વયજુથમાં આવો ?

જવાબ : મધ્યવયમાં.

જો તમારો આ જવાબ હોય તો, ક્ષમા કરજો, એ જવાબ બહુ સાચો નથી. પચાસની ઉંમરે તમે મધ્યવયસ્ક બનતા નથી. વાસ્તવમાં તમે સ્મશાનની અથવા કબરસ્તાનની નજીક છો. ભારતની વસતીની દાયકે દાયકે થતી ગણતરી વેળા દેશનાં રહેવાસીઓની સરાસરી આયુક્ષમતા ગણવામાં આવે છે. આઝાદ થયાં ત્યારે એ ક્ષમતા ત્રીસેક વર્ષની હતી. પછી સુધરતી જતી આર્થીક સ્થીતી અને તબીબી સેવાઓને પરીણામે 1981માં એ આંકડો 56 વર્ષનો થયો હતો. 2011ની વસતી ગણતરી મુજબ પણ એ લગભગ 67 વર્ષ સુધી પહોંચ્યો છે અને એ 72 કે 75 થાય એ માટેના પ્રયત્નો ચાલુ છે. ખેર. 2017માં તમે પચાસના હો ત્યારે વયની વચ્ચે નથી જ નથી !

આમ છતાં, જો તમે આજે 50 વર્ષનાં હો તો અમારે તમને એક પ્રશ્ન પુછવો છે : આટલી ઉંમરમાં તમે શું કર્યું ? હવે શું કરવાનું બાકી છે ? હવે કેટલું જીવવા ધારો છો અને એ વર્ષો માટેની તમારી યોજના શી છે ?

અહીં ગાંધીજીનો કીસ્સો જરુર ટાંકી શકાય. એ તો 125 વર્ષ જીવવા અને ઉમદા માનવો કેળવવા ચાહતા હતા. એક નીકૃષ્ટ વીચારસરણીએ એમનો ભોગ લીધો.

પણ આજે નજર સામે એક અમેરીકન ફીલ્મ અભીનેતાની કેફીયત છે.

એનું નામ ડસ્ટીન હૉફમન.

ફીલ્મ ‘રેઈનમેન’ના એના અભીનય બદલ શ્રેષ્ઠ અભીનેતાનો ઓસ્કાર એવોર્ડ એને મળેલો. ‘ક્રેમર વર્સીસ ક્રેમર’ માટે પણ શ્રેષ્ઠ અભીનેતા ઠરેલો. એ પોતાની કેફીયતમાં કહે છે કે એકવાર હું અને મારા સસરા વાતો કરતા બેઠા હતા. સસરાજી ખાસ્સા 81ના અને ઠીક ઠીક સ્વસ્થ. વાતવાતમાં હૉફમનની ઉંમરની વાત આવી. હૉફમને કહ્યું કે હું હવે મધ્યવયસ્ક બન્યો.

‘એમ કે ?’ સસરાજીએ આંખો ઝીણી કરતાં પુછ્યું, ‘કેટલાં થયાં ?’

‘એકાવન,’ હોફમને જણાવ્યું.’

‘અને તમે કેટલા લોકોને એકસો બે વરસના થતા સાંભળ્યાં છે ?’ સસરાજીએ પુછ્યું.

કેફીયતમાં હૉફમન કહે છે કે આ પ્રશ્ને મને ગંભીરપણે વીચાર કરતો કરી દીધો. જાણે એક શૉક લાગ્યો. આ પ્રશ્ન સાંભળીને, અને એક સમજણ આવી કે જીંદગીની બાજી એક મર્યાદીત બાજી છે. તમે અનંતકાળ સુધી એ બાજી ખેલી શકતા નથી.

અમેરીકાનાં ધોરણો અનુસાર, 51 વર્ષ કોઈ બહુ મોટી ઉંમર નથી. હૉફમનને એના પણ અનુભવો થયેલા. એકવાર એ વેસ્ટવુડની કોઈ હોટેલમાં ઉતર્યો હતો. એકવાર કશાક કામસર હોટેલમાંથી પગપાળા જ બહાર નીકળ્યો. થોડાંક ડગલાં ચાલ્યો ત્યાં ચોવીસેક વર્ષની ઉંમરની એક ગૃહીણી સામે મળી. સાધારણ ઘરની એ બહેન હતી અને એના હાથમાં શાકભાજી તથા ફળોની થેલી હતી. પણ હૉફમનને જોઈને, ચમત્કાર જોતી હોય એમ ઠઠીને ઉભી રહી ગઈ. થોડીવાર તો કશું બોલી ન શકી. પણ પછી હોશમાં આવી. આટલો મહાન કલાકાર સામો મળ્યો અને પોતે એની સાથે વાત પણ ન કરી ! બહેનપણીઓ જાણશે તો શું કહેશે ! એવા ડરથી વ્યાકુળ બનતાં એ બોલી ઉઠી, ‘ડસ્ટીન હૉફમન ! તમે ડસ્ટીન ... હૉફમન છો ને ?’

‘જી, હા,’ હૉફમને ઉભાં રહેતાં કહ્યું,

‘તમે... તમે... મને ઓટોગ્રાફ આપશો ?

‘જરુર.’

ઉતાવળે પર્સ ફંફોળીને બહેને નાનકડી ડાયરી કાઢી. હૉફમન સામે ધરી. હૉફમને હસતાં હસતાં સહી કરવા માંડી ત્યારે, પોતે આભારસુચક કશુંક કહેવું જોઈએ એમ માનીને બહેન બોલી, ‘તમે આમ મળી જશો એવી મને કલ્પના જ નહીં, બોલો ? કેવું અજબ ! મને તમારી ફીલ્મો ખુબ ગમે છે. મને લાગે છે કે તમે... આજે... હોલીવુડના

સૌથી સરસ યુવાન અભીનેતા છો...'

હૉફમનનું સ્મીત જરાક વધારે પહોળું થયું અને એ બોલ્યો, 'થેન્ક યુ... ખાસ કરીને યુવાન એક્ટર માટે !'

એકાવન વર્ષની વયે કોઈ તમને યુવાન કહે તે તો આનંદની વાત છે. પરંતુ હૉફમને નોંધ્યું છે કે મને આમાં બહુ આનંદ નથી આવતો. હું સારી પેઠે જાણું છું કે હું જુવાન નથી. વાસ્તવમાં, હવે જીવવાનાં થોડાં જ વર્ષ રહ્યાં છે. એમાંય કામ કરવાનાં વર્ષ તો ખુબ થોડાં. જો તમે ફીલ્મ કલાકાર હો તો તો એ વર્ષ વળી ઓર ઓછાં થઈ જાય છે. એવું બને કે તમને ઘણી ઉંમર સુધી કેટલીક નાની ભુમીકાઓ મળ્યા કરે, પરંતુ એથી કાંઈ સંતોષ કે ગૌરવ ન મળે.

ત્યારે, ભાઈ, જીવવાનું થોડાં વર્ષ બાકી રહ્યું હોય તે વર્ષોનો ઉત્તમ ઉપયોગ કેમ કરવો ? આ વીશે આ પીઢ અભીનેતાના વીચાર જાણવા જેવા છે. એણે કહેલું કે હું જ્યારે એકાવનને આરે બેઠો છું ત્યારે કેટલીક વાતોનો ખ્યાલ રાખું છું. હું શક્ય એટલી ઓછી ઝડપે ઘરડો થવાની કોશીશ કરું છું. જો તમે ધુમ્રપાન ન કરો, શરાબ ઓછો પીઓ અને વજન કાબુમાં રાખો તો સ્વસ્થતાપુર્વક લાંબું જીવી શકો.

વળી, પચાસે પહોંચતાં પહેલાં જ થોડી થોડી કસરતની ટેવ પાડી દેવી જોઈએ. તેથી તમારા સ્નાયુઓ સક્રીય અને લચીલા રહે છે. બોલવાનું બને એટલું ઓછું રાખવું અને સ્વભાવ હસમુખો રાખવો... આ હસમુખો સ્વભાવ રાખવો એટલે શું ? સ્વભાવ હસમુખો કઈ રીતે રખાય ?

આ પ્રશ્નોના ઉત્તર કદાચ હજુ કોઈએ નથી આપ્યા. જેમ હીંદુ શાસ્ત્રોની સેંકડો પોથીઓમાં 'બ્રહ્મજ્ઞાન' શબ્દ મળે છે; પરંતુ બ્રહ્મ એટલે શું અને જ્ઞાન એટલે શું એની સમજણ જડવી લગભગ અશક્ય છે. એમ, ભાઈ, હસમુખ બનવું એટલે મુખ હસતું રાખવું. પણ તમે કોઈવાર પ્રયોગ કરી જોજો કે ખાલી ખાલી, કારણ વગર હસીએ તો કેવા લાગીએ ? સમભાવશીલ મીત્રો કદાચ આપણી સેહતને ખાતર માનસચીકીત્સકોને ફોન કરવા લાગે !

ના, એવી રીતે મોં હસતું રાખવાની જરુર નથી. હસમુખ બનવાનો પ્રથમ અને શ્રેષ્ઠ ઉપાય છે જોક્સ કહેવા તે ! ખુબ જોક્સ વાંચો અને તમારાં સગાંને, પત્નીને, બાળકોને, સાથીદારોને કહો. ના, તમારું કામ બગડે એવી રીતે જોક, જોક, જોક ઠઠાડે ન રાખો. તક મળે અને મોકો હોય ત્યારે તરત જોક કહો, હસો, હસાવો.

હસમુખા સ્વભાવનો બીજો ઉપાય જરાક લાંબો છે. જરાક અઘરો પણ છે. આમાં જે કાંઈ હાથ ધરીએ તેમાં વીશીષ્ટ સફળતા હાંસલ કરવાનો સમાવેશ થાય છે. કામ તો સૌ કરે છે, પણ કેટલાક કામને પતાવે છે. જ્યારે ઘણા એને સફળ બનાવે છે ! સફળ કામનો બદલો પણ મળે છે. ઈનામ મળે છે. બીરુદો મળે છે. એવી વ્યક્તીનો ચહેરો હસમુખો બને છે.

કામને જ્વલંત રીતે સફળ બનાવવા માટે શું કરવું, એવા પ્રશ્નોના જવાબ હૉફમનની કારકીર્દીમાંથી મળે છે. એ જે કામ હાથ પર લે એનાં બધાં પાસાં સાથે ઓતપ્રોત બની જાય છે. જે ભુમીકા ભજવે એને જીવંત બનાવી દે છે. 'રેઈનમેન'માં એ માનસીક રોગથી પીડાતા પુરુષની ભુમીકા ભજવે છે. એ ભુમીકા સાથે ઓતપ્રોત થવા એણે ઢગલાબંધ પુસ્તક વાંચ્યાં, મનોચીકીત્સકો સાથે ચર્ચા કરી. એટલાથી સંતોષ ન થતાં તે આ પ્રકારનાં દર્દીઓની સાથે જઈને રહ્યો. પાગલખાનામાં ! 18 મહીના સુધી આ ફીલ્મ માટે શુટીંગ ચાલતું રહ્યું. હોલીવુડમાં તો ઘણીખરી ફલ્મો ફ્લોર પર ગયા પછી ગણતરીનાં અઠવાડીયાંમાં પુરી થઈ જાય છે. 'રઈનમેન' લાંબું ચાલી. કારણ કે એમાં અત્યન્ત અઘરા પ્રકારની ભુમીકાઓ હતી. હૉફમન જ નહીં, અન્ય પાત્રોને માટે પણ આ નવીન અનુભુતી હતી.

ખેર. આ રીતે, દરેક કામ અભ્યાસ અને અનુભવપુર્વક અને પુરી લગનથી કરો તો સફળતા મળે જ છે.

હૉફમનના કીસ્સામાં, એની મોટી સફળતાનું એક રહસ્ય એની જીંદગી અને મોત વીશેના વલણમાં પણ રહેલું છે. હૉફમને એક કરતાં વધુ વખત યમદેવતાને તાળી આપી. એકવાર ઘરના રસોડામાં આગ લાગી. હૉફમન ખુબ દાઝી ગયો. 'થર્ડ' ડીગ્રી બર્ન.ના વર્ગમાં આવી ગયો. હોસ્પીટલના એના પલંગ પર એક પાટીયું ઝુલવા લાગ્યું : 'ટર્મીનલ કેસ', ગમે તે ઘડીએ ઉકલી જાય એવો કેસ !

જો કે દાઝવાના આ કેસમાંથી તો તે ઉગરી ગયો. ઘેર આવ્યો. પણ બે જ અઠવાડીયામાં કશીક એવી બીમારી આવી કે પથારીવશ બની ગયો અને વળી યમરાજ સાથે ડાયલોગ કરવા લાગ્યો !

એકવાર ફીલ્મ સ્ટુડીયોના લેમ્પના ઉઘાડા વાયરને કારણે શોક લાગ્યો અને એ લગભગ મરણશરણ થઈ ગયો. એણે કહ્યું છે કે એ વખતે મને લાગ્યું કે હું મરી જ જઈશ. મસ્તકની અંદર વીજળી કરતાંય વધુ ઝડપે વીચાર ઝબકવા લાગ્યા અને એમાં સર્વોપરી વીચાર એક હતો : અરેરે !

**(અનુસંધાન પાન ૨૬ ઉપર)**

# દીલીપ રાણપુરા : મોંમેળાના માણસ

**હર્ષદ ત્રીવેદી**

ત્યારે દીલીપ રાણપુરા બજાણા રહેતા. સવીતાકાકીએ મોટું ગામતરું કર્યાને બહુ લાંબો સમય થયો નહોતો. પોતે એકલારામ ! એટલે સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ધજાળા, થાન, ચોટીલા, ભાવનગર... ક્યારે કઈ બાજુ નીકળી પડે એનું નક્કી નહીં. દીલીપકાકા ઘેર હશે કે નહીં એની પાકી ખાતરી નહોતી, પણ હું યે એમની જેમ જ નીકળી પડ્યો હતો ખભે થેલો નાંખીને ! બસમાંથી ઉતરીને કોઈને પુછ્યું : 'દીલીપ રાણપુરા ક્યાં રહે છે ?'

વડીલે એક છોકરાને મારી સાથે મોકલ્યો. મારા હૈયામાં ને પગમાં ગજબનો થરકાટ તો. લાંબી બજારે ચાલતાં ચાલતાં આગળ ઉપર આવ્યું એમનું ઘર. ઉભા સળીયાની ભુરા રંગની જાળીવાળી નાની એવી ઓશરી, એક ઓરડો, ઓરડામાં વચ્ચોવચ ખાટ. એની બાજુમાં રસોડું. રુમના પડખામાં આવેલા દાદરેથી ઉપર જવાય. ત્યાં પણ એક રુમ. રસોડા ઉપરની જગ્યામાં કઠેડાવાળી બે મોટી બારીઓ. ત્યાં ઉભા રહીને જમણી બાજુ લાંબી નજર કરીએ તો સીધું જ કચ્છનું રણ દેખાય ! મારાં નસીબ સારાં તે દીલીપકાકા હાજર હતા. મને જોઈને, 'અત્યારે કેમ ?' એવો પ્રશ્ન ન કર્યો. એટલા બધા ખુશ થયા કે ન પુછો વાત ! બ્લ્યુ ચોકડાવાળી લુંગી અને સફેદ સદરામાં, જાણે હમણાં જ નમાજ પઢીને ટોપી ઉતારીને બેઠાં હોય એવા પાક લાગતા હતા. મુળ વાન તો ફુલગુલાબી, પણ દે માર ટાઢ-તડકા અને વરસાદે કાયમ ઓવારણાં લીધેલાં એટલે એનો પ્રભાવ ચામડી ઉપર જોવા મળે. એમનાં સફેદ ઝુલ્ફાંમાં હાથ ફેરવવાનું મન થયું. પણ મેં આમન્યા રાખી. બજાણા જવા અંગે એમની સાથે ઘણીવાર વાતો થતી પણ મેળ પડતો નહોતો.

મેં કહ્યું, 'કાકા, આ વખતે તો રહેવાયું જ નહીં, તે આ સાહસ કરી નાખ્યું ! જો તમે ન મળ્યા હોત તો હું તરત જ વળતી બસ પકડી લેત !'

દીલીપકાકાને મળવાનું તો વારંવાર થાય, એની કોઈ નવાઈ પણ નહોતી. હું છઠ્ઠા-સાતમામાં ભણતો ત્યારે સવીતાકાકીને લઈને લીમલી આવેલા. પેન્ટ-શર્ટ પહેરતા ત્યારે પણ જોયેલા અને છેલ્લે વર્ષો સુધી ઝભ્ભા-લેંઘામાં પણ જોયેલા. મોટે ભાગે તો ચામડાનાં ચંપલ જ પહેરે. ખભે થેલો એ એમની ઓળખ, પણ મારે તો બજાણાનું ઘર, વાર્તાકાર-શીક્ષીકા સવીતાકાકીવાળું ઘર જોવું હતું. હું થોડો ગમગીન છું એ જાણી ગયેલા દીલીપકાકા મને મુડમાં લાવવા પ્રયત્ન કરતા હતા. 'બોલ, શું જમીશ ?'

'સાદું. તમે રોજ જે જમતા હો એ...'

'લે ! એમ કંઈ થોડું હાલે ? કંઈ ખાસ ઈચ્છા હોય તો કહે ! મને બધું જ આવડે ! બોલ ! શીરો, પુરી, ભજીયાં, દાળ-ભાત, શાક ! તું કે' ઈ !' દીલીપકાકા બોલતી વખતે નાસીકાનો ઉપયોગ વધારે કરતા.

'કાકા ! હું અહીં જમવા નહીં, તમને મળવા આવ્યો છું !' એટલું બોલતામાં તો મારી આંખો છલકાઈ ઉઠી. આગળ કશું બોલી શક્યો નહીં. દીલીપકાકાએ નાના છોકરાને કરે એવું વહાલ કર્યું. એમની હથેળીઓ એકદમ પોચી પોચીને ગુલાબી. એકદમ મારા હાથ પકડી લીધા. મને કહે, 'બોલ તો ખરો ! તને શું ભાવે ? તારા કાકા, અમુભાઈને તો ભજીયાં બહુ ભાવે, અમે તારી બા, શશીબહેનના હાથનાં ભજીયાં બહુ ખાધાં...'

'અરે કાકા ! કંઈ જ ઈચ્છા નથી, તમને જે ફાવે એ... હું પણ મદદ કરીશ.'

'તું મારી હાર્યે વાતો કર એ મદદ...'

બેએક કલાકમાં તો અમે સરસ રીતે જમ્યા અને બધું આટોપાઈ ગયું. કાકોભત્રીજો નીચેના રુમમાં હીંચકે બેઠા. વચ્ચે બેચાર વખત પેશાબપાણી, એક વખતે કૉફી અને ધીમે બળતી સીગારેટોની સટ વચ્ચે અમારી વાતો ચાલતી રહી. મેં પુછ્યું, 'કાકા, તમે ભગવાનમાં માનો ?'

'અમે લોકો આમ તો થાનકવાસી, બચપણમાં એકબે વાર કુવા-તળાવ, ટ્રેન અને સાપથી બચી ગયેલો તે એક વાર દીક્ષા લેવાનું મન થઈ ગયેલું. પણ જવા દે ને એ બધું ! તેં 'હળાહળ અમી' વાંચી છે ને ?' મેં 'હા' કહી એટલે કહે, 'હું તો માણસમાં જ માનું છું.'

પછી કંઈક વીચાર કરતા હોય એમ આંખો ગોળગોળ ઘુમાવીને કહે, 'હાલ્ય તને હું એક વાર્તા કહું... ઈભાની. ઈભો મારો ભાઈબંધ. મહાખેલાડી. બહાદુરેય ઘણો. ધંધા બધા ઉંધા. પણ મનનો એકદમ પાક...' આખી વાત બહુ જ ચીત્રાત્મક અને સંવેદનસભર. કાકાની શૈલી પણ એવી સરસ કે આપણને બધું દેખાય. મોંઢામાં મુકેલા પાનની જેમ વાત જામી. ધીરે ધીરે મલાવી મલાવીને વીગતવાર કહેતા જાય. અમારા શ્વાસોશ્વાસ પણ સ્ટીરીયોફોનીક અવાજમાં સંભળાય એવી શાંતી વચ્ચે, એમણે દોસ્તાર ઈભાને કબરમાં પોઢાડ્યો

અને અમારી આંખોનાં ઝળઝળીયાંની સાક્ષીએ ઘડીયાળે ચાર ટકોરા દીધા. સવા ચાર સુધી કોઈ કશું બોલ્યું ચાલ્યું નહીં. મૌનના ફાતીહા પઢી લીધા પછી મેં કહ્યું : 'કાકા ! આ ઈભાને મુક્ત કરવાનો એક જ માર્ગ છે... નવલકથા લખો...'

'એ જ મુંઝવણ છે ને ! ક્યાંથી શરુ કરવું ને ક્યાં પુરું કરવું... આ ઈભો મને બહુ વેડે છે. કેડો મેલતો નથી. એટલે તો આટલાં વરસથી ધરબીને...'

વાત કરતાં કરતાં જ મારું મન, ઘટનાઓનો ક્રમ ગોઠવવા લાગ્યું. આરંભ, મધ્ય, અંત... અને નવલકથાનું શીર્ષક પણ આપી દીધું : 'નતમસ્તક.'

આ એ રાત હતી, જેમાં અમે બંને આખી રાત જાગ્યા હતા. પછી, વર્ષો બાદ બીજી પણ એક રાત આવી, જેમાં અમે બેમાંથી એકેય ઉંઘી શક્યા નહોતા ! પણ એની વાત તો છેલ્લે.

અત્યંત લોકપ્રીય નવલકથાકાર, વાર્તાકાર, ચરીત્રકાર, ગ્રામીણ જીવનના સર્વથા મુક્ત - અલગારી - નીડર પત્રકાર - એવા બીરાદર દીલીપ રાણપુરાને વીવીધ ઉંમર અને સ્વભાવ-ધર્મના દોસ્તોનો તોટો નહોતો. સારા અર્થમાં કહીએ તો ડુંગરે ડુંગરે એમના ડાયરા હતા. ભાગ્યે જ આપણો કોઈ લેખક એમના જેવું અને જેટલું રખડ્યો-ફર્યો હશે. પોતાની સાથે તો શું, પણ અન્ય કોઈનેય થયેલો અન્યાય સ્વીકારે એ દીલીપભાઈ નહીં ! ચમરબંધીનેય પડકારતા અચકાય તો એ દીલીપભાઈ નહીં ! સરકારને તો 'સામાજીક ન્યાય અને અધીકારીતા' એવા શબ્દો બહુ પછીથી મળ્યા, પણ એ પહેલાં જ રાણપુરાએ સામાજીક ન્યાયની શાહી ઘુંટીને પોતાની કલમમાં પુરી દીધેલી.

મનુભાઈ પંચોળી 'દર્શક', ઝીણાભાઈ દરજી, સનતભાઈ મહેતા, અરવીંદભાઈ આચાર્ય, નટુભાઈ મહેતા, હસુભાઈ વોરા અને રાવલ, મકવાણા બંધુઓ કરમશીભાઈ-સવશીભાઈ, રજનીકુમાર પંડ્યા, યશવંત મહેતા, ઈન્દુકુમાર જાની, સુમંત રાવલ કોણ નહોતું એમનું સ્વજન ? સમાજના કોઈ વર્ગનો એમને છોછ કે બાધ નહોતો. કોંગ્રેસના સારા સમયમાં ધારાસભાનું સભ્યપદ કે તેનાથી આગળ વધીને પ્રધાનપદ તો હાથ લંબાવવા જેટલું જ નજીક હતું એમને માટે, એમને તો ખાલી 'હા' જ ભણવાની હતી ! એ જમાનો પણ, પ્રમાણમાં સારો અને રાજકીય પક્ષોને સારા-સાચા કાર્યકરોની જરુર અને કદર બંને હતાં. પણ, રાણપુરા એટલે રાણપુરા. એમ કોઈના હાથે ચડે અથવા પગે પડે એવા અધુરા નહોતા. એ જેટલા અક્કડ હતા એટલા જ ફક્કડ હતા. લેખનમાં પણ એમણે વ્યાપક શીક્ષણને જ પોતાનો ધર્મ ગણેલો. તમામ અર્થમાં, શૈક્ષણીક વાતાવરણની વાર્તાઓ, ચરીત્રો અને લેખો એમની પાસેથી મળ્યાં એટલાં બીજા કોઈ ગુજરાતી લેખક પાસેથી નથી મળ્યાં. વીષ્ણુકુમાર મહેતાએ એમને વીશે આમ કહ્યું છે :

"દી. રા. યુનીવર્સીટીની સંમાર્જીત 'લેખકપેદાશ' કે પ્રોફેસરીયા વીવેચકોની 'પીઠ-થાબડ' પરોપજીવી હરોળનો 'સર્જક-ઘાણ' નથી, એ તો છે સ્વ. પન્નાલાલ પટેલ જેવા અનેક આપઝઝુમી એકલવીર જવાંમર્દોની જમાતનો સાહીત્યવીર... દી. રા.નો ઉછેર, ગુજારો અને વ્યવહાર ઝાલાવાડી ધરતી પર થયો છે, પોતાના સાહીત્યમાં તેમણે તેને સજીવ કરી છે. આ ધરતીના લોકોએ તેમને અમી અને વીષના મીશ્રીત ઘુંટડા પાયા છે, જેમાંથી અમી એમણે વહેંચાય એટલું વહેંચીને સંધાયની સાથે બેસીને 'ડાયરા' જમાવીને ખોબે ખોબે પીધું છે. જ્યારે વીષના ઘુંટડા એકલા ગટગટાવ્યાં છે, એમણે વીષ પીધું જ નથી, પચાવ્યું પણ છે. એવા ઘણા પ્રસંગોનો હું સાક્ષી છું અને એટલે જ હું તેમને 'ઝાલાવાડી ગોર્કી' કહું છું."

વાતેય સાચી. રાણપુરાનો જીવનસંઘર્ષ ક્યારેય ખુટ્યો નહીં. દસ જ વર્ષની ઉંમરે પીતા ગુમાવ્યા. બોટાદની સ્થાનકવાસી જૈન બોર્ડીંગમાં રહીને ભણ્યા. એ સમયે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં પણ સક્રીય થયા. પછીથી, એમને રાષ્ટ્રીય, સ્વયંસેવક અને સંઘ એમ ત્રણેય શબ્દોનો સ્વતંત્ર અર્થ સમજાયો. ઉપાશ્રય અને શાળા બંનેનો ત્યાગ કર્યો. કમ્યુનીસ્ટ થયા. અમદાવાદમાં શારદા મુદ્રણાલય, 'નવપ્રભાત', 'સંદેશ' વગેરેમાં કમ્પોઝીટર તરીકે કામ કર્યું. કાપડની ફેરી, દેશી ગોળની હેરાફેરી વગેરે... પછી મુંબઈમાં 'જન્મભુમી'માં ફરી એક વાર કમ્પોઝીટર, પેપરબૉક્સ મેન્યુફેક્ચરીંગમાં ઑર્ડરમેન વગેરે. પણ એ ન ફાવ્યું એટલે પાછા આવ્યા. વ. ફા. એટલે વર્નાક્યુલર ફાઈનલ પાસ કર્યું. પોલીસ કોન્સ્ટેબલની તાલીમ લેવા ગયા, પણ સ્વભાવથી જ અનુકુળ ન આવ્યું તે એક જ રાતમાં પાછા આવ્યા. કૉંગ્રેસ સેવાદળમાં જોડાયા, શીક્ષક થયા અને રાજીનામું પણ આપ્યું. એ પછી, માઈલસ્ટોન રંગ્યા, કંદોઈકામ કર્યું. કાલાં-કપાસના તોલાટ થયા, નેશનલ હાઈવે પર માપણી કરી, શાળામાં દલીત બાળકોને પ્રવેશ કરાવવા માટે અનેક સ્તરે લડ્યા. ખુનની ધમકી અને ખોટા પોલીસકેસોને ગાંઠ્યા નહીં ! શું નથી કર્યું રાણપુરાએ ? પણ છેવટે પીટીસી થઈને શીક્ષણમાં જ ઠર્યા. બીજી રીતે કહીએ તો ઠર્યા એમ નહીં, ઉકળતા રહ્યા ! શાળામાં વીદ્યાર્થીઓના, તો લેખનમાં લોકોના શીક્ષક થઈને રહ્યા. દેખીતી રીતે જ આ ફકરાથી એક હજારગણું ભરચક અને સંકુલ હતું એમનું જીવન !

એક વાર દીલીપકાકા ગાંધીનગરના મારા ઘરે આવ્યા, ખાસ હેતુથી. મને કહે કે, 'એક વાત લઈને આવ્યો છું. તારે



ના નથી કહેવાની !' કોઈ ઔપચારીકતાનો તો પ્રશ્ન જ ન હોય એટલે મેં કહ્યું, 'બોલો, કાકા !'

'તારે નોકરી છોડીને ચુંટણી લડવાની છે !'

'શેની ચુંટણી ?'

'ધારાસભાની ?'

'હેંએ... કેમ ?'

'હા. કરમશીભાઈ લોકસભામાં જાય એવું નક્કી થયું છે...'

'પણ એમાં હું ક્યાંથી આવ્યો ?'

'જો એ લોકોએ બધું કરમશીભાઈ ઉપર છોડ્યું છે. એ જે કહે તે જ થશે. એકદમ નવો ચહેરો જોઈએ છે...' વગેરે વગેરે... કરમશીકાકા પણ સંમત છે એમ કહીને બધું વીગતે સમજાવ્યું. મને ખુબ જ આશ્ચર્ય અને સંકોચની લાગણી થઈ આવી. સામે દીલીપકાકા હતા, એટલે મજાક કે અમસ્તું તોફાન હોય, એવો વીચાર આવવાનું પણ શક્ય નહોતું ! મેં સમય માગ્યો. સરવાળે એમને પણ લાગ્યું કે આ કામ મારું નહીં ! અને એમ એ વાત તડકે મુકાઈ.

દીલીપકાકાને તારીખો, વાર અને સમય બહુ યાદ રહે. કોઈ વાત કરે તો એમાં ચોકસાઈ હોય જ. તીવ્ર સ્મરણશક્તી એમની મુડી, એટલી જ પીડા. આપણા જીવનની અગત્યની તારીખો પણ એમને યાદ હોય ! મહેમાનોને મન ભરીને માન આપતા. ઘરમાં સુશેષભાઈને અને ભાભીને એવી સુચના કે 'મને મળવા ગમે ત્યારે કોઈ પણ વ્યક્તી આવે તો એને માટે સમય પ્રમાણે ચા-પાણી, નાસ્તો, ભોજન અને પથારી આપવામાં પાછી પાની નહીં કરવાની ! કોઈનો ફોન આવે ને હું ઉંઘતો હોઉં તો પણ જગાડવાનો !'

'બીજા બધાંથી ઉપર માણસ !' એ એમનો મંત્ર.

સુશેષભાઈને એમ કે ઘર પ્રમાણે બેસવાની વ્યવસ્થા હોય તો જરા સારું લાગે. એક સોફાસેટનો ઑર્ડર આપી આવ્યા. કાકાની મંજુરી મળશે કે નહીં એની ખાતરી ન હતી, એટલે ખાનગી રાખેલું, સોફા આવ્યો ને કાકાએ ભયંકર રુપ ધારણ કર્યું : 'તમારે ઘરમાં સોફા રાખવો હોય તો હું આ ઘરમાં નહીં !' કાકા કોઈનું ન માને પણ દીકરી પારુલ આગળ સાવ મીણ જેવા, તરત ઓગળી જાય. થોડીક જ વારમાં મીણ ભણી લે ! પણ, પછી એક દીવસ ગામડેથી કોઈ સાવ સામાન્ય માણસ એમને મળવા આવ્યો. કાકાએ 'આવો... આવો...' કહ્યું. ઘરમાં આવીને પેલો માણસ દ્વીધામાં મુકાયો. ક્યાં બેસવું ? પહેલાં તો એ આવે ત્યારે પાટ ઉપર કે ભોંયતળીયે બેસી જતો હશે, પણ સોફા જોયો એટલે... છેવટે એણે સોફાને જાકારો દઈને ભોંય પસંદ કરી. દીલીપકાકા કશું બોલ્યા નહીં. માત્ર સુશેષભાઈની સામે જોઈ રહ્યા ! કદાચ આંખથી જ કહ્યું હશે : 'આમાં હું ક્યાં બેસું ? એવો સંકોચ કોઈને ન થાય એવું ઘર હોવું જોઈએ !'

એક વાર મારે ઘેર આવ્યા. વાતોનો ખજાનો તો એમની પાસે હોય જ. વાતમાંથી વાત નીકળી ભુવાના ધુણવાની. કાકા કહે, 'બોલ ! ધુણી બતાવું ?'

લગભગ અડધો કલાક ધુણ્યા. અમે બેય માણસ તો આભા થઈને જોઈ જ રહ્યાં. આમેય એમની આંખો મોટી ને પાછી ધુણતી વખતે ઘણી મોટી લાગે. કાચાપોચાના છક્કા છુટી જાય એવું ધુણ્યા. નવેનવ માતાજીઓને તેડી, મેં 'ખમ્મા ! ખમ્મા !' કરીને પાણી પાયું. ખાસ્સો શ્રમ પડ્યો હતો. પણ, પછી અવાજ વીનાનું, મીઠું મીઠું હસી પડ્યા.

તા. 16-7-2003ના રોજ કૅન્સરની બીમારીને કારણે બોતેર વર્ષની ઉંમરે ગાંધીનગરમાં એમનું દુઃખદ અવસાન થયું. આવી જ બીમારીએ વર્ષો પહેલાં દીલીપભાઈનાં પત્ની અને વાર્તાકાર સવીતા રાણપુરાનો ભોગ લીધેલો. સવીતાબહેનની માંદગી અને અવસાન સમયે પરીસ્થીતીનો હીંમતપુર્વક સામનો કરનાર દીલીપભાઈ પોતાની પીડા સામેય ઝુક્યા નહોતા. એમ કહેવાય કે છેલ્લા દીવસ સુધી એમનો જીવનરસ ટકી રહેલો. પોતે બોલી શકતા નહોતા તોય જે કોઈ આવે એની સાથે, હાવભાવથી વાતો કરતા. ફીક્કું તો ફીક્કું પણ હસતા રહેતા. બોંતેર વર્ષના આયુમાં એમણે ચુમ્મોતેર જેટલાં પુસ્તકો આપણને આપ્યાં છે. એ જાણીતા થયા નવલકથાકાર તરીકે, પણ એમનો જીવ વાર્તાકારનો હતો. એ સ્વરુપ પરત્વે એમને વીશેષ લગાવ હતો. કોઈની પણ સારી વાર્તા વાંચવા મળી નથી કે રાણપુરાનું પોસ્ટકાર્ડ પહોંચ્યું નથી ! પરંતુ, એમના અક્ષરો લગભગ અવાચ્ય હતા. લાંબા મહાવરાને અંતે એમની લેખનશૈલી પકડાય તો પકડાય ! જો કે 'જનસત્તા' અને 'ફુલછાબ'ના કમ્પોઝીટરો એમના અક્ષરથી ટેવાઈ ગયેલા.

મુળ નામ તો ધરમશી. પણ, બહેને દીલીપ રાખી દીધેલું. શીક્ષણજગતમાં તેઓ રાણપુરા તરીકે ઓળખાતા. અંગત સંબંધ હોય એ દીલીપભાઈ કહે. ભણાવતાં ભણાવતાં જ એ ભણતા. વર્ષો સુધી શીક્ષક તરીકે, એક જાગ્રત શીક્ષક તરીકે પંકાતા રહ્યા. છાપાંમાં ને બીજે બધે આવતાં એમનાં લખાણોમાં શીક્ષણ, શીક્ષક અને વીદ્યાર્થી મુખ્ય વીષય રહેતા,

અને એ ન્યાયે શીક્ષણવ્યવસ્થા ઉપર પણ સતત એમના મૌલીક વીચારોના ચાબખા વીંઝાતા રહેતાં.

શીક્ષક તરીકે એમની આરંભની નોકરી બહુ જ કષ્ટદાયક હતી, પણ એ પરીસ્થીતીએ જ એમને ઘડ્યા. ત્યાર પછી એવો સમય આવ્યો કે સુરેન્દ્રનગરની જીલ્લા પંચાયત, શીક્ષણસમીતી, ખાસ તો ચેરમેન એમના ઉપર ખફા થઈ ગયા. રાણપુરાને બદલીઓથી લઈને બીજી અનેક પ્રકારની અવાંછીત મુશ્કેલીઓનો સામનો કરવાનો આવ્યો. પરંતુ, એ નીષ્ઠાવાન હતા, હીંમતવાળા હતા અને સૌથી વધુ તો સ્વમાની હતા એટલે ભાંગી પડ્યા નહીં ને ઝુઝતા રહ્યા. જે શીક્ષણસમીતીએ, ફરતાં પુસ્તકાલયમાંય રાણપુરાનું એકાદ પણ પુસ્તક ન ખરીદાય એની કાળજી રાખેલી, એ જ શીક્ષણસમીતીએ લાંબે ગાળે એમનું ભવ્ય સન્માન કરેલું ! પરંતુ આ બે પરીસ્થીતીઓની વચ્ચેનો સમય રાણપુરા માટે અનેક અર્થમાં કસોટી રુપ હોવા છતાં ઉપલબ્ધી રુપ હતો.

પછી તો એવી પણ સ્થીતી આવી કે તંત્ર એમનાથી ડરતું. એમની પાસે સુચનો મંગાવવામાં આવતાં. છાપાની કટારમાં એ કોઈ પ્રશ્નો ઉઠાવે તો સત્તાવાળાઓએ ગંભીરતાથી વીચાર કરે ને અમલ પણ કરે. ઘણા દાખલાઓ મળી આવશે આવી બાબતો અંગેના.

એક અર્થમાં દીલીપભાઈ સમાજપ્રહરી હતા. સાવ છેવાડાના ને નાનામાં નાના માણસની મુશ્કેલીઓ અને લાગણીઓ એમને સમજાતી. પછી એ પોતાની રીતે જાહેરમાં લેખનરુપે કે નવલકથા વાર્તામાં એક સર્જકની ગરીમાથી મુકી આપતા. રાણપુરા ભાગ્યે જ ઘરમાં બેસી રહે. એમને પદ્મશ્રીનું માન નહોતું મળ્યું પણ પહેલેથી જ પગમાં પદમ હતું. અવીરત ફરતા રહેતા. મુસાફરીનો થાક કે કંટાળો તો જરાય નહીં. બસ, જીપ કે અન્ય જે કોઈ પબ્લીક વાહન મળે એમાં ચડી બેસે. ચાલવાનો આનંદ પણ ખુબ લેતા. એમની મુસાફરી કોઈ પણ પ્રકારની લક્ઝરી ભોગવ્યા વીનાની યાત્રા બની રહેતી. એમની યાત્રાના સૌન્દર્યમાં ધુળ-માટી ને પરસેવાની ગંધ હતી. દીલીપભાઈ ટેબલલેમ્પના અજવાળામાં લખનારા લેખક નહોતા, ચોવીસેય કલાક સુર્યનો તડકો અને રાતનાં અંધારાં એમના નસીબે લખાયાં હતાં. અત્યારના આપણા કોઈ પણ મોટા લેખક કરતાં એમનો જીવનાનુભવ ઘણો વધારે હતો. એક અર્થમાં એ લાખા વણઝારા જેવા હતા. સંવેદનાનો જ વેપાર... આ ગામથી પેલે ગામ એમની પોઠ ચાલતી જ રહેતી.

બજાણા પહેલાં દીલીપકાકા ભડકવા એટલે કે ભૃગુપુર હતા. શાળાના આચાર્ય એટલે દર મહીને પગાર લેવા તાલુકામથક લીંબડી જવું પડે. નહીં નહીં તોય દોઢ-બે લાખનો ચુકાવો હોય. ચુડા સ્ટેશને ઉતરીને ત્યાંથી ભૃગુપુર ચાલતાં આવવાનું ! એ વખતે, એક હમીરો કરીને બહુ માથાભારે માણસ. ભલભલાનું આંચકી લે. પટાવાળો લેંઘો, એવું જ પહેરણ, આંખમાં સુરમો ને હાથમાં ધારીયું ! કોઈ એની સામે ચું કે ચાં ન કરી શકે. દીલીપભાઈ ટ્રેનમાંથી ઉતરે અને સામે જ હમીરો ઉભો હોય ! એમના પગ પગ દબાવે. એમ જ લાગે કે લાગ જોઈને લુંટવા માગે છે ! દીલીપભાઈને બીક નહીં, પણ એમ થાય કે દરેક વખતે, આ શું કરવા મારી સાથે થઈ જતો હશે ? ઘેર સવીતાબહેન સતત ચીંતા કરે : રખેને હીરો કંઈ કરી બેસે તો ? અને બીજું કંઈ નહીં તોય આટલી બધી રકમ ક્યાંથી કાઢવી ? એક વખત દીલીપકાકાએ હીંમત કરીને પુછી જ લીધું.

'હમીરા ! દર મહીને આ તારીખોમાં જ તું મારી હાર્યે કેમ થઈ જાય છે ? તને તો ખબર જ છે ને કે મારી પાંહે પગારનું જોખમ હોય છે !'

'સાહેબ ! એટલે જ. એટલે જ તો... આવી જાઉં છું ! તમારા રક્ષણ માટે ! રખે ને કોઈ બીજું તમને ખંખેરી જાય... પણ નામ તો મારું જ આવે ને ? આ પંથકમાં આપણી મથરાવટી આમેય મેલી ખરી ને ?' હમીરો પોતાની જાત માટે બહુવચન વાપરતો હતો !

મીત્રો માટે દીલીપભાઈ કંઈ પણ કરી છુટે. એકવાર અમદાવાદનાં કોમી હુલ્લડો વખતે, મીત્ર નસીર ઈસમાઈલીને મળવા દરીયાપુર, પોપટીયાવાડ પહોંચી ગયેલાં. એટલું જ નહીં, દોસ્તોની વચ્ચે બેઠક જમાવીને બેઠેલા લતીફને જોવાની ઉત્સુકતાય એવી કે એના ઘરમાં ડોકીયું કરવાની હીંમત પણ કરી બેઠેલા.

'જે પોષતું તે મારતું...' સમાજ સાથેનો સીધો સંબંધ અને સંવેદનાપુર્ણ લખાણોને કારણે દીલીપભાઈ ઘણા લોકપ્રીય થયા. રીક્ષાડ્રાઈવર-શાયર 'કફીલ'થી લઈને 'કૈફી' આઝમી વીશે એ લખી શકે. પરંતુ આ લોકપ્રીયતા જ એમની બદનસીબીનું કારણ બની. ઘણા ઘણા મોટા વીવેચકો અને સાહીત્યકારોએ એમની કૃતીઓથી દુર રહીને પોતાને જ વંચીત રાખવાનું સ્વીકાર્યું. રાણપુરાનું યોગ્ય મુલ્યાંકન કોઈએ કર્યું જ નહીં. ફાસફુસીયા લેખકોને મોટા મોટા ચાંદલા ચોડનારાઓએ રાણપુરાના કપાળમાં નાનું અમથું તીલકેય ન કર્યું. હવે રાણપુરા નથી, પણ એમની કૃતીઓ આપણી આંખ સામે છે. કોઈપણ પ્રકારની વીશેષ સહાનુભુતી વીના માત્ર અને માત્ર સાહીત્યીક ધોરણે જ, અલબત્ત સમભાવથી એમની રચનાઓ જોવાવી જોઈએ. સંભવ છે કે એક લેખક તરીકે એમની જુદી 'છવી' ઉપસી આવે !

એક કર્મશીલ તરીકે સક્રીય થઈને એ કોઈ સેવા-સંસ્થા

સાથે જોડાયા નહોતા ને એમને એવી જરૂર પણ નહોતી. પરંતુ એને કારણે, તળના મનુષ્યની એમણે કરેલી સેવાઓની ઉચીત નોંધ ન લેવાઈ. 'ધોળી મજુરી કાળું લોહી' અને 'પરકમ્મા'ના લેખો આ સંદર્ભે જોવા જેવા છે. કોલકાતાના 'સ્ટેટ્સમેન' અખબાર દ્વારા ગ્રામીણ સમસ્યાઓના નીરુપણ માટે દીલીપભાઈને એક વાર નહીં, પણ બે વાર અવૉર્ડ મળેલા. અન્ય કોઈ ગુજરાતી લેખક-પત્રકારને આવું માન મળ્યું જાણ્યું નથી.

દીલીપભાઈ અનાસક્ત હતા. ક્યારેક આવેશમાં આક્રોશ ઠાલવે, એ ય તે અંગત મીત્રો પાસે જ. પણ અંદરથી એ ભર્યાભર્યા હતા, આશુતોષ હતા. અપેક્ષાઓ ભાગ્યે જ રાખતા, પણ સાહીત્ય પ્રવાહમાં ઉપર-તળે જે ચાલી રહ્યું હોય એનાથી 'અનભીજ્ઞ' નહોતા. મૃદુ સ્વભાવે જ એમને મીત્રો અને 'દર્શક' જેવા મુરબ્બીઓ મેળવી આપ્યા. દીલીપભાઈ મનમેળાના અને મોંમેળાના માણસ હતા. માણસના મનથી હૃદય સુધી જવાનો રસ્તો એ જાણતા હતા.

એકવાર કોઈ વાહનમાંથી ઉતરતી વખતે એ પડી ગયા. ડાબા પગના કટકા સંધાવ્યા. પગે બેત્રણ મહીનાનું પ્લાસ્ટર આવ્યું. એ સમયે સહકાર કૉલોનીવાળા એમના મકાનની મરામત ચાલતી હતી. એ કામ લાંબું ચાલે એવું હતું ને કાકાને 'નતમસ્તક' શરૂ કરવી હતી. હું એમને લઈ આવ્યો. એમણે આરંભનાં પ્રકરણો મારે ત્યાં રહીને લખ્યાં. ઑફીસેથી આવું પછી વાંચવા આપે. હું એમની સર્જનાત્મકતાને 'નતમસ્તક' વંદન કરતો રહું !

હવે એક બીજી રાતની વાત-

એક દીવસ દીલીપકાકાનો ફોન આવ્યો : 'મારે તારા ઘરે એક રાત આવવું છે ! બોલ ક્યારે આવું ?'

'તમે કહો ત્યારે...!

'કાલ સાંજે તું મને લઈ જાજે, પરમ દી'પાછો મુકી જાજે !'

'ભલે કાકા !'

એ સાંજે અમે સાથે જમ્યા. બંનેને ભાવતું હોય એવું જમ્યા. હું એમના માટે પાન લઈ આવેલો. બહાર હીંચકે બેઠા બેઠા વાતોએ ચડ્યા. બજાણાની રાત જેવો ઉમંગ એમના ચહેરા પર આવતો નહોતો. વચ્ચે વચ્ચે મૌન અને ક્યાંક ક્યાંક ખોવાઈ જવું. તોય ક્યાંય સુધી અલકમલકની વાતો કરી. કાકાને બોલવામાં થોડો હાંફ ચડે છે એવું મને લાગ્યું. એમણે મારા કાકાને એટલે કે એમના મીત્ર અમુભાઈને યાદ કર્યા. બીન્દુ અંદર રસોડામાં કંઈ કામ કરતી હશે. મેં બુમ મારી, 'તું પણ આવ !' પણ, રેડીયો વાગતો હતો તે એણે સાંભળ્યું નહીં. કાકાએ મને બીજી બુમ પાડતો અટકાવ્યો. એમની સામે મેં પાન ધર્યું. એમણે સાફ ના કહી. થોડા ગંભીર અવાજે કહે કે - 'એક ખાસ વાત કરવા આવ્યો છું. ઢીલો ન પડીશ.'

મારા મગજમાં ધમધમાટ થવા લાગ્યો... શું હશે ? એમણે મારા બરડે હાથ ફેરવ્યો. એકદમ તબાતા સ્વરે બોલ્યા : 'થયું કે એક રાત તને નીરાંતે મળી લઉં ! પછી મળાય ન મળાય...!'

'કાકા ! કેમ એવું ભાગ્યું વૅણ બોલો છો ? મગજ તો ઠેકાણે છે ને ? શું થયું છે તમને ?'

'કૅન્સર...'

'હેંએએ ?'

'હાઆઆ...'

'અરે પણ... તો એની સારવાર કરાવીએ...'

પેલી પોચી પોચી હથેળીએ મારો હાથ પકડી લીધો.

'સાંભળ ! અથરો ન થા. એ બધું ઘણા વખતથી ચાલે છે. મેં તને કહ્યું નહોતું. હવે તો સમય પણ થોડોક જ રહ્યો છે. થયું કે તારી હાર્યે મોંમેળો કરતો જઉં...'

મારી આંખમાં આંસુ ન આવ્યાં. આખી જાત જાણે બહેર મારી ગઈ. એમણે મારો હાથ મજબુતીથી પકડી રાખ્યો.

'કાકા બચવાના તો અનેક ઉપાય હશે... એમ કંઈ હથીયાર થોડાં જ હેઠાં મુકી દેવાય ? આપણી આટલી બધી ઓળખાણો શા ખપની ? અને તમને... તમને આવું થાય જ કેવી રીતે ?'

'થયું નથી. રગીરગીને લીધું છે ! પુરેપુરી ઈચ્છાથી આવકાર્યું છે ! જીંદગીમાં ક્યારેય કોઈની પાસે કંઈ માગ્યું નથી. પણ આ કૅન્સર તો કુદરત પાસેથી માગીમાગીને... આજીજી કરી કરીને મેળવ્યું છે... !'

'... પણ એવું કેમ ?'

'મારે તારી કાકીને... સવીતાને થયેલી પીડા અનુભવવી હતી... અને એ રીતે એની સાથે એકાત્મ કેળવવું હતું...'

મને લાગ્યું કે, મારા કોઈ શબ્દનો કંઈ જ અર્થ રહ્યો નથી. એક જ ક્ષણમાં જીવન કેટલું ખોખલું છે અને સાચો પ્રેમ શું છે એનો ખ્યાલ આવી ગયો ! મને ખબર છે કે એ રાતે, પથારીમાં લાંબા થયા પછી, લાખ ઈચ્છવા છતાંય અમે બેમાંથી એકેય ઉંઘી શક્યા નહોતા... રમેશ પારેખની પંક્તીઓ યાદ આવે છે : 'કોઈ કોઈ વાર... હજી કોઈ કોઈ વાર... ઓ રે લાખા વણઝારા ભાળું તારી વણઝાર...'

[સૌજન્ય : '**કુમાર**' : 1072 : એપ્રીલ 2017]

❑

# નવું વાચન

***સોગંદનામું :*** *[કારકીર્દી-કથા] : ખલીલ ધનતેજવી, ઈમેજ પબ્લીકેશન્સ પ્રા.લી., 1-2, અપર લેવલ, સેન્ચુરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-380006, મુલ્ય : રૂ. 250.*




અગાઉ લખ્યું છે તેમ આ વીભાગમાં સમીક્ષા કરવામાં આવતી નથી પરંતુ પુસ્તકનાં અંશો રજુ કરવાથી વાચક તે વાંચવા પ્રેરાય છે. આ અંકના પ્રથમ પૃષ્ઠ પર ખલીલે જે કાંઈ લખ્યું છે તેનાથી તેમના જીવન અને સર્જનનો પરીચય સાંપડે છે પરંતુ તે પુરતું નથી. કેટલુંક વીશેષ :

• ખલીલભાઈએ તમામ સ્વરુપોમાં લખ્યું છે, ખુબ લખ્યું છે. એ કબુલે છે કે જાસાચીઠ્ઠી સીવાય એમણે બધું જ લખ્યું છે. મેં એમની હીન્દી-ઉર્દુ રચનાઓ પણ સાંભળી છે. ત્યાં પણ સરળતાનો જાદુ છે. જીવનનો ભેદ છે.

**- રઘુવીર ચૌધરી**

• કોઈની આંગળી પકડીને ચાલવાનું એમના સ્વભાવમાં નથી. પોતે લખેલી ગઝલની પણ આંગળી પકડીને એ ચાલતા નથી એટલે પુનરાવર્તનમાંથી ઉગરી ગયા છે. જ્યારે મુશાયરાની વાત આવે છે ત્યાં સુધી આપણે કહેવું પડે કે રજુઆતની બાબતમાં એ હુકમનું પાનું છે.

**- સુરેશ દલાલ**

ખલીલનો અર્થ મીત્ર ! ખલીલના જીવન પર દાદા તાજ મહંમદનો ખુબ પ્રભાવ. દાદાએ સુચવેલ નામ આગળ મૌલવીએ ઈબ્રાહીમ જોડવાનું સુચવ્યું, જેમણે એક જ અલ્લાહ (એકેશ્વર)ની ઘોષણા કરી હતી. કુરઆન અનુસાર ઈબ્રાહીમ (અ.સ.)ને ખલીલનો ખીતાબ અલ્લાહ તરફથી મળ્યો હતો. એકાદ-બે જણે ખલીલ સાથે બદસલુકી કરી છે; એને બાદ કરીએ તો ગુજરાતે ખલીલને ‘સર્વમીત્ર’નો ખીતાબ આપ્યો છે. એમનું ગામ ધનતેજ (તા. સાવલી) એટલે ધનતેજવીની પહેચાન સાથે ગામને પણ સર્વવ્યાપી ઓળખ આપી છે ! અહીં એક વીશેષ જાણકારી પણ આપવી રહી. ખલીલ ધનતેજવીની હયાતીમાં જ સંજય ગોરડીયા પ્રોડકશન્સના ઉપક્રમે એમના જીવન પરથી નાટક તૈયાર થયું છે. આ નાટકના મુંબઈ, સુરત અને વડોદરામાં છ જેટલા શૉ થઈ ગયા છે.

ખલીલના પીતાજી ઈસ્માઈલના ફુઆ જંગલો હરાજીમાં રાખતાં, જલાઉ-ઈમારતી લાકડાના જથ્થાબંધ વેપારી હતા. તેમને મદદરુપ થવા કરોડ (તા. ઉચ્છલ) ગયેલા. ત્યાં જ બળીયાના મોટા દાણા આખા શરીરે નીકળી આવ્યા. તે દીવસોમાં આજ જેવી રસી - દવા નહોતાં. ખલીલે માત્ર 5 વર્ષની વયે પીતાજીને ગુમાવ્યાં... દાદાએ ખલીલના ઉછેરમાં જીવ પરોવ્યો. થોડા સમય બાદ ખલીલના નાનાભાઈ યુસુફ અને પછી મોટીબહેન સદાને ગુમાવી બેઠા ! ખલીલ ખુબ વહેલા પુખ્ત અને જવાબદારીનો ભાર વહન કરનાર આદમી બની ગયા ! ચોથું ધોરણ પાસ કરીને નીશાળ છોડી દીધી. ખેતી-પશુપાલનના તમામ કામોમાં માહીર થઈ ગયા ! ડાંગર અને તુવરના ચાસ પર ચાસ વાઢીને સૌથી પહેલાં સામા શેઢે પહોંચી જતા ! સમયે ઘણું શીખવ્યું... વીશાળ જગત એમની તાલીમશાળા ! દાદાને વાચનનો શોખ. ખલીલ પુસ્તકો વાંચી સંભળાવે, તેમાંથી વાચનનો શોખ વળગ્યો... ‘નહીં માફ નીચું નીશાન’ - દરેક કામમાં પારંગત. 81મા વર્ષે આ પુસ્તક લખાયું છે પણ ખલીલનો અસ્સલ મીજાજ બરકરાર છે :

**જીન્દગી, તારથી હું થાક્યો નથી,**
**તું જો થાકી જાય તો કહેજે મને.**

આ પુસ્તક મણીભાઈ શાહ (વાસણવાળા)ને સાદર સમર્પીત કર્યું છે; સાવલી મતવીસ્તારમાંથી મનુભાઈ પટેલ 1962માં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચુંટણી લડતાં હતાં ત્યારે મણીભાઈએ જ ખલીલને સ્ટેજ પર પહેલીવાર ઉભા કરી દીધા. ત્યારે ચીને આપણા દેશ પર આક્રમણ કરેલું, ખલીલે નજમ પેશ કરી. મનુભાઈએ પ્રશંસા કરી... કેટલાક સમય સુધી ખલીલ રાજકીય પક્ષમાં સક્રીય રહ્યા. પછી રાજકારણના આટાપાટામાં ન ફાવ્યું. તીલાંજલી આપી. જોકે એ સારું થયું એટલે જ ગુજરાતને ઉત્તમ સર્જક સાંપડ્યાં ! ખલીલના અંગત સંઘર્ષ અને કૌટુંબીક જીવનની ઘણી રસપ્રદ વાતો છે પણ સ્થળસંકોચને કારણે તે ટાળું છું.

ખલીલ દેશવીદેશ ફર્યાં છે તેમ છતાં તેમનાં હૃદયમાં ગામડું અને ખેતી ધબકે છે. ભલે વડોદરા સ્થાયી થયા છે પણ ધનતેજમાં શૈક્ષણીક વીકાસ માટે પ્રયત્નશીલ છે, તેમને

જે પુરસ્કારો મળ્યા તેની રકમ પણ શીક્ષણ માટે ખર્ચે છે. ફાઉન્ડેશન સ્થાપ્યું છે. લખે છે -

**ખુદ આખું ગામ લઈને ફરે છે ખભા ઉપર,**
**ને તે છતાં ધનતેજવી ધનતેજમાં નથી.**

હવે કેટલુંક ખલીલના જ શબ્દોમાં :

• ત્યારે અમારી કરડ નદીમાં બારે માસ પાણી રહેતું. હવે માત્ર ચાર મહીના ચોમાસા પુરતું જ નદીમાં પાણી જોવા મળે ! ક્યારેક ક્યાંક વાંચ્યું હતું કે રાજા પ્રજાનો રક્ષક થઈને ભક્ષક બને, જુલમ કરે તો નદી, તળાવ અને કુવાનાં પાણી સુકાઈ જતાં હોય છે, આજની સ્થીતીને શું કહીશું ? આજે તો માણસમાંય પાણી રહ્યું નથી !

... બાર વર્ષની ઉંમરમાં જ બળદનાં રાસ-પરોણા હાથમાં લઈને હું હળ હાંકતો અને ખેતર ખેડતો થઈ ગયો. પછી તો ખેતી માટે થતાં બધાં જ નાનાં મોટાં કામો કરવા લાગ્યો ! વાવણીથી માંડીને ફસલ લણતાં કે વાઢતાં સુધીના દરેક કામમાં પારંગત થઈ ગયો ! વાવણીના સમયે તરફેણ અથવા ફૈડકો હાંકીને સીધા ચાસ કાઢવા અંગે ગામમાં પ્રશંસા થવા લાગી. રેલવેના પાટા જેવા સીધા ચાસ કાઢતો હતો.

• ખેડુતે ચોમાસાનો ધોધમાર વરસાદ માથે ઝીલવાનો, શીયાળાની હાડ થીજવતી ઠંડી ખમીશ કે બંડીભેર વેઠવાની, ઉનાળામાં ધોમધખતા તડકાને પીઠ પર લાદીને વાંકા વળવાનું. ખેડુતને તો ત્રણેત્રણ ઋતુઓ એના અસલી મીજાજ સાથે માણવાની - વેઠવાની ! શહેરના કવીઓ વરસાદનું એક ઝાપટું પડી જાય તો વરસાદી મઝા માણવાની આખી કવીતા ઠઠારી મારે અને લોકોને સંભળાવતો ફરે ! ખેડુત આખું ચોમાસું માથાભેર ઝીલે અને કોઈને એક શબ્દ ના કહે ! ખેડુતના નસીબમાં માણવાનું ઓછું અને વેઠવાનું ઝાઝું હોય ! એટલે જ કદાચ મારાથી વરસાદ વીશે લખાયું તે આમ લખાયું :

**તમે મન મુકી વરસો, ઝાપટું આપણને નહીં ફાવે;**
**અમે હેલીના માણસ માવઠું આપણને નહીં ફાવે !**

• ખેડુત સ્વમાનભેર જીવવા માટે ખેતી કરે છે ! પરંતુ ખેતી પાછળની મહેનત મજુરીમાં જીવનની વ્યાખ્યા જ બદલાઈ જતી હોય છે ! ક્યારેક મને થતું, ‘શું આ જીવન ! શું આ રીતે જ જીવવા માટે તનતોડ મહેનત કરવાની ? આમાં જીવન જેવું શું છે ? પગમાં કાંટા ભાંગવાનાં ? પાંસળીઓમાં સણકા રોપવાના ? શરીરમાં ચીક્કાર કળતર ભરી દેવાની ? પરસેવાથી મોંઢું ધોવાનું ને ધુળભર્યા ખમીશની ફડકે મોંઢું લુછવાનું ? શું આવું જીવન ?’

• હું જીવન માટે મહેનત કરતો હતો અને જીવન મને જડતું નહોતું ! કોઈને જડતું નથી ! આખું ગામ ચીમળાયેલી ચામડી નીચે લપેટાયેલું હાડપીંજર હતું. છાતીની ઉપસી આવેલી પાંસળીઓ ચામડી ફાડીને બહાર નીકળી જવા મથતી હોય એવું લાગતું ! ખેડુતને જગતનો તાત કહેનારને પુછવાનું મન થાય કે શું આવો હોય જગતનો તાત ?

• મારા આખા ગામમાંથી હું એકલો જ વીનોબાને સાંભળવા ગયો અને ‘સબ ભુમી ગોપાલ કી’ પર લાભદાયી અમલ મારા સીવાય ઘણાં બધાએ કર્યો ! પછી તો સર્વોદય કાર્યકરો દ્વારા ‘સબ ભુમી ગોપાલ કી’ સુત્ર ઘેર ઘેર જાણીતું થઈ ગયું. પરંતુ પરીણામ વીપરીત આવ્યું ! કોઈએ ભુમીદાન તો કર્યું નહીં, ઉલટાનું કેટલાક ખેડુતોએ ‘સબ ભુમી ગોપાલ કી’નો ગેરલાભ લીધો અને ગામના ઢોર જ્યાં ચરવા જતા હતા એવા ખરાબાની જમીન ઝૌડાઝાંખરાની કામચલાઉ વાડ કરીને આંતરવા માંડી ! આ બધા મુળભુત રીતે ખેડુતો હતા. બળદગાડા હતાં ! જમીનો હતી છતાં ‘સબ ભુમી ગોપાલ કી’ને બદલે ‘સબ ભુમી અપને બાપ કી’ જેવું બળુકા લોકોએ અર્થઘટન કરી, સરકારી જમીનો પર કબજો જમાવી દીધો અને જેમના માટે ભુદાન આંદોલન શરુ થયું હતું એવા જમીનવીહોણા નીરાધાર અને વંચીતો ગામલોકોની ધાકે સરકારી જમીન આંતરવાની હીંમત કરી શક્યા નહીં !

પ્રસંગો તો ઘણાં ચોટદાર છે. મૌલવી સાથેનો વીવાદ ખલીલભાઈની કસોટી કરી ગયો. મૌલવીએ દાદાગીરી કરી. નાતબા’ર મુક્યા. ચહેલુમ (મરણ પછી સવા મહીને થતો નાતનો જમણવાર)માં કોઈ ન જાય એવો ફતવો બહાર પાડ્યો. એક કુટુંબ પાછલા બારણેથી જમવા આવ્યું. ખલીલભાઈનો આગ્રહ : ‘મર્દની જેમ આગલા બારણેથી આવે તેને જ જમાડીશું.’ વધેલું ભોજન ગરીબોને વહેંચી દીધું. મૌલવીની ગેરરીતીઓ પકડી, બીજે ગામ પણ તેની ‘ખ્યાતી’ પહોંચાડી દીધી. ગુજરાતમાં યુ.પી.-બીહારના મૌલવી ન હોવા જોઈએ, તેઓ અંદરોઅંદર ઝઘડો કરાવે છે એવી ખલીલભાઈની સ્પષ્ટ માન્યતા. મૌલવી સાથે ચર્ચા થઈ શકી હોત તો ‘હું એને ખબર પાડી હેત કે હદીસ અને શરીયતની બાબતમાં હું વધારે જાણું છું.’

ધનતેજ છોડીને વડોદરા વસવાટ કર્યો. પછી મુંબઈની રુપેરી આલમ સાથે સંકળાયા. જોકે કઈ રીતે ફીલ્મ સ્ટુડીઓમાં ઘુસી ગયા ‘સેલીબ્રીટીઝ’ના ઈન્ટરવ્યુ કર્યા તે રસપ્રદ છે. અમીતાભ બચ્ચનની ‘બંસી બીરજુ’, ‘એક નજર’, ‘પરવાના’ વગેરે ફીલ્મો ફ્લોપ ગયેલી. તેમના સંઘર્ષના દીવસો ચાલતાં હતા. મસ્તીના મુડમાં અમીતાભ ખલીલને કહે, ‘દેખીયે સાહબ ! મૈં આપ સે ઉંચા હું ના ?’... વીવાદ ચાલ્યો. અંતે ખલીલે કહ્યું : ‘આપ અપને કો લંબા કેહ સકતે હો, ઉંચા નહીં. ઉંચા હોને કે લીયે બહોત કુછ કરના પડતા હૈ.’ આ વાત અમીતાભના દીલમાં ચોંટી ગઈ... ‘દીવાર’ પછી બંને મળ્યા. ખલીલે ખુબ વખાણ કર્યા, એટલે એમણે પુછ્યું, ‘અબ મૈં ઉંચા હું કે લંબા ?’... ખલીલ લખે છે, મને આ માણસની મહાનતા સ્પર્શી ગઈ અને મેં કહ્યું, ‘અબ વાકઈ આપ સબસે ઉંચે હો ગયે હો !’

એક નજર ખલીલસા’બના સર્જન કાર્ય પર : 17

નવલકથા, 5 ગઝલસંગ્રહ (2 હવે પછી), 4 નાટકો, 6 ફીલ્મો જેમાં પટકથા - સંવાદ - ગીતોથી લઈને દીગ્દર્શન પણ ખરું તેમજ વૈચારીક લેખસંગ્રહ એક. હાલ 'ગુજરાત સમાચાર'માં અઠવાડીક કોલમ ચાલુ છે... ખલીલભાઈના શે'રથી સમાપન કરું :

**હશે મારી ગઝલમાં ક્યાંક અંધારું હશે તો પણ,**
**ઘણા મીત્રોએ સળગાવ્યો છે દીવો મારા દીવાથી !**

**– ઈન્દુકુમાર જાની**

***અપરીચીતા :*** *ડૉ. કાલીન્દી પરીખ, હર્ષ પ્રકાશન, મુલ્ય : રૂ. 200.*




ડૉ. કાલીન્દી પરીખ લીખીત 'અપરીચીતા'એ ઈલા આરબ મહેતાની બત્રીસ પુતળીની વેદના, કુન્દનીકા કાપડીઆની સાત પગલાં આકાશમાં, હીમાંશી શેલતની આઠમો રંગ જેવી નવલકથાઓ સાથે પોતાનું સ્થાન અંકે કર્યું છે એવું મને લાગે છે. પૌરાણીક કથાનક ભામતી અને વીદ્યા વાચસ્પતી, મધ્યકાલીન સર્જક મનોરમા અને વર્તમાનમાં ઋષી અને છાયા ઉપરાંત દરેક કાલખંડના અગત્યના પાત્રો નરહરી-પાર્વતી, ભૈરવ-ભૈરવી, શીલકુંવરી, દુલારી, ત્રીલોકચંદ્ર-શાલીની, રાધીકા-ગૌરાં જેવાં અલપઝલપ પાત્રો સાથે સંલગ્ન થઈ સમગ્ર કથાનક વણાયેલું છે. અહીં જે કાવ્ય રજુ કર્યું છે તે કાલીન્દીબહેનનું જ છે. ભામતીની લાગણીઓની અભીવ્યક્તી જાણે દરેક કાલખંડમાં યુવતીઓ-સ્ત્રીઓની નીયતીમાં શાશ્વત હોય તેવી લાગે છે. તમે ભામતીની કથા તો જાણતા જ હશો. શંકરાચાર્યનું સર્જન બ્રહ્મસુત્રનું ટીકા વીવરણ કરનાર વીદ્યા પાચસ્પતીની વીદ્વત્તા તેમના પત્ની ભામતીની એકધારી સેવાના કારણે જે રીતે ઉજાગર થાય છે તેથી પ્રભાવીત સર્જક પોતાના ગ્રંથની ઓળખ જ 'ભામતી'થી કરાવે છે. આ સમગ્ર ઘટનાક્રમ દરમીયાન ભામતીની મનોદશા, મનોરમા (મધ્યયુગની રચયીતાનું કાલ્પનીક પાત્ર), ઋષી-છાયાની કથામાં ઋષીની દૃષ્ટીએ છાયા અને પોતાના સંબંધનાં મુલ્યાંકનની માવજત કાલીન્દીબહેન સુપેરે અને સીદ્ધહસ્ત કલમે કરે છે એવી મને છાપ પડી છે. સંસ્કૃત પ્રચુર પૌરાણીક અને વર્તમાનમાં સહજ, સરળ ગુજરાતી ભાષાનો સમન્વય એમણે જે રીતે કર્યો છે તેથી હું તો પ્રભાવીત થઈ જ છું. એમણે કોઈ જ તારણ કાઢી નક્કરપણે 1+1=2 એવો દાખલો ગણવાની કોશીશ કરી નથી છતાં એક જ ફલક પર ત્રણ સમયખંડના વીવીધ પાત્રોની ચાલના, મનોદશા, મંથન અને અંતે નારીમુક્તીની ઝંખના પ્રગટ કરી છે. અલબત્ત, તેમાં પણ ઋષીછાયામાં તો છાયાનું આલેખન ઋષીની વર્તમાન સમાનતા આધારીત સંતુલીત દૃષ્ટીથી કરવાનો પ્રયાસ છે એટલે ઉકેલ અધ્યાહાર જ રહે છે !

કાલીન્દીબહેને વર્તમાન સ્થીતીને મુખર (loud) કર્યા વગર પણ નીશાન બરોબર તાક્યું છે. ગૌરાંગ 'મા' કા અચ્છા બેટા હૈ, માનો જ છે, જે કોઈ સંબંધ, ઘટના એના જીવનમાં બને છે તે સંદર્ભે ઋષીની ભાવનાઓની અભીવ્યક્તી અને ગોપીત લાગણીઓને વ્યક્ત કરવામાં એમની કલમનાં લસરકા વર્તમાનનું આબેહુબ ચીત્રણ કરે છે એટલે જ મુક્તીની વીભાવના અધ્યાહાર દર્શાવવામાં એ સફળ થાય છે. એક સાથે ચારપાંચ સદીમાં જીવતી દુનીયાને તે જ રીતે ત્રણ સમયખંડમાં દર્શાવી સ્ત્રીની ભુમીકાનું સાતત્ય કયા ત્રીભેટે છે તેનું આલેખન કરવામાં પણ કાલીન્દીબહેન સફળ થયા છે એવું મને તો મહેસુસ થયું જ છે. હવે હું જ બધું કહી દઈશ તો તમે શું વાંચશો ? ગુર્જર / હર્ષ પ્રકાશન : વર્ષ : 2015. કાવ્ય યુવતીઓનાં મનોભાવને તાદૃશ કરે છે અને કવયીત્રી કાલીન્દીનો પરીચય કરાવે છે. કાલીન્દીબહેનને માટે હજી ઘણી તકો રાહ જુએ છે.

**– બકુલા ઘાસવાલા**

**સાભાર સ્વીકાર :**

**આત્મસીદ્ધી શાસ્ત્ર :** શ્રીમદ્ રાજચંદ્ર હસ્તલીખીત, (બીજી આવૃત્તી / 142 દેશોની 415 ભાષાઓમાં અનુવાદ) અમદાવાદમાં પ્રાપ્તીસ્થાન : 10, સંતકૃપા સોસા., પવન સોસા. પાસે, બળદેવનગર સામે, 132 ફીટ રીંગ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-51 [મુલ્ય : જણાવ્યું નથી.]

**ફુટતી કુંપળ** [ચાલીસેક બહેનોએ કાવ્યસર્જનમાં પ્રાપ્ત કરેલું કૌશલ્ય; હાઈકુ રુપે નજરાણું.] સંપાદક : કરસનદાસ લુહાર, અલ્પ ત્રીવેદી, પ્રકાશક : ગ્રામ નીર્માણ સમાજ, વાસી તળાવ, મહુવા જી. ભાવનગર, મુલ્ય : રૂ. 30. ❑

# પત્ર-સાર

ગુજરાતનાં પનોતાપુત્ર અને મહાગુજરાતના મહારથી ઈન્દુચાચા અંગે તા. 16-2ના અંકમાં પ્રગટ કરેલો કોંગ્રેસી ભુતપુર્વ મંત્રી હસમુખભાઈ પટેલનો લેખ : 'ઈન્દુચાચાની 'માયા' અને બીજું ઘણું બધું' ખરેખર એક નોંધપાત્ર લેખ છે. કહેવાતી 'ગુણવંતી ગુજરાત' જ્યારે ગુજરાતનાં આ મહાનાયકને ભુલી રહી છે ત્યારે, હસમુખભાઈએ માર્મીક શબ્દોમાં ઈન્દુચાચાની યાદને તાજી કરી આપી છે.

ગુજરાત સંદર્ભે ઈન્દુચાચાનું પ્રદાન અત્યંત નોંધપાત્ર રહ્યું છે તેનો ઈતીહાસ સાક્ષી છે. ગુજરાતનો શાસકીય અગ્રવર્ગ, મધ્યમવર્ગ આટલી તીવ્ર ઝડપે ઈન્દુચાચાને વીસરી રહ્યો છે એ ભારે દુ:ખદ બાબત છે. સમગ્ર ગુજરાતમાં ઈન્દુચાચાની પણ 125મી જન્મજયંતી આવી અને ગઈ પણ આ સમયગાળાની સળગતી સમસ્યાઓ સામે એક પ્રજા તરીકે આપણે રંક થઈને બીલકુલ નીષ્ક્રીય રહ્યા છીએ. આજે આ ગુજરાત 'વીકાસ'નાં નામે ક્યાં જઈ રહેલ છે ? ધર્મ અને જ્ઞાતીનાં નામે ફાટી નીકળેલી જ્ઞાતીઓનાં રાતોરાત બની બેઠેલાં નેતાઓ સત્તા મળ્યે નગ્નનાચ કરી રહ્યાં છે. ત્યારે કહેવાતી 'વીવેકબૃહસ્પતી' ગુજરાતનો વીવેક વરાળ થઈને ક્યાંય અંતરીક્ષમાં ઉડી ગયો છે ! ગુજરાતની એકપણ યુની.એ આ મહાનાયકનાં વ્યક્તીત્વ-કૃતીત્વ અંગે શૈક્ષણીક પરીસંવાદ કે કાર્યશીબીર આ સમયગાળામાં યોજ્યો હોય એવા વાવડ ક્યાંયથી આવતા નથી. 'નયા ગુજરાત'નાં મહારથી તરીકે તેમનાં ઐતીહાસીક પ્રદાનને અનુલક્ષીને જે મોટાપાયા પરનાં કાર્યક્રમો અને આયોજનો થવાં જોઈએ તેમાં કહેવાતી 'વાઈબ્રન્ટ ગુજરાત' સદંતર નગુણી સાબીત થઈ રહી છે. દેશની અને પ્રદેશની રાજકીય જમાતો સત્તાપ્રાપ્તીનાં દાવપેચમાં દીન-રાત રમમાણ છે ! બુદ્ધીજીવી વર્ગની વીશાળ જનસમાજનાં સાંસ્કારીક ઘડતર માટેની એક વીશેષ ગંભીર જવાબદારી હોય છે. એ જવાબદારી વ્યાપક જનહીતમાં કોઈપણ અભીનીવેશ વીના ઈમાનદારીપુર્વક નીભાવવી રહી. વો દિન કહાં ? ઈન્દુચાચાની જન્મજયંતી સંદર્ભે (22-ફેબ્રુ.) નયા માર્ગમાં હસમુખભાઈ પટેલ દ્વારા ઈન્દુચાચાનાં સમગ્ર જીવન ફલકને આવરી લઈ તેનાં વીરાટ વ્યક્તીત્વ કૃતીત્વને અભીવ્યક્તી આપવા બદલ રાજીપો વ્યક્ત કરું છું.

**- પી. એમ. પરમાર**

[62, શ્રી હરીનગર, પાલીકાનગર સામે, યુની. સ્ટાફ કોલોની પાછળ, વલ્લભવીદ્યાગનર- 388120.]

1/4ના અંકમાં આપે ઈશ્વર પેટલીકરની જન્મશતાબ્દી નીમીત્તે આશરે ચાર દાયકા જુનો લેખ ઉદાહરણરુપ તથા ચીંતનાત્મક હોવાનું જણાવી રજુ કર્યો તે સારું જ કર્યું. તે પછીના સમયમાં થોડોઘણો બદલાવ જરુર આવ્યો છે પરંતુ માનસપરીવર્તન ઘણું બાકી છે... આપે 'સાંપ્રત'માં સાચું લખ્યું છે કે ભારત તો કોંગ્રેસમુક્ત થતાં થશે, આજે તો ભાજપ કોંગ્રેસયુક્ત થઈ રહેલ છે. યશવન્ત મહેતાએ પોતાના લેખમાં આ સારી રીતે પુરવાર કર્યું છે.

કૃષ્ણકાંત વખારીઆ જુના, અનુભવી હાઈકોર્ટના સીનીઅર એડવોકેટ છે. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર મુદ્દે તેમને ગંભીર અને ચોંકાવનારા સમાચાર જણાયા તે હકીકત નવાઈ પમાડે તેવી છે. છેક નીચેથી ઉપર સુધી ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના આક્ષેપો પ્રગટ થયા છે. કામચોરી પણ ભ્રષ્ટાચારનો જ એક પ્રકાર છે. બધું જગજાહેર છે.

**- પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

[મો. 93740 18111]

વીશ્વ આખું જુદા જુદા ધર્મોથી ગળાબુડ છે. જે વ્યક્તી જે ધર્મ પાળે છે તે અન્ય ધર્મો પ્રત્યે ઉપેક્ષા સેવે છે. જ્યારે કેટલાક કીસ્સાઓમાં તો ધાર્મીક કટ્ટરતાથી અન્ય ધર્મી પ્રત્યે ઘૃણાની નજરે જુએ છે. ધર્મ માનવીને માનવીય ગુણો બક્ષવા માટેની અદ્‌ભુત સંજીવની છે. પરંતુ અન્યધર્મીને દુશ્મનની નજરે જોવાતો રહ્યો હોવાથી ધર્મ માનવીને માણસ બનાવવાના બદલે હેવાન બનાવવાનું કામ કરી રહ્યો છે. વીશ્વભરમાં ધર્મના નામે વીનાશક ક્રીયાઓ ચાલી રહી છે. અમેરીકા અને યુરોપ જેવા દેશોમાં અગાઉ ધાર્મીક કટ્ટરતા હતી તે ઘટતી ગઈ. આજે તો વીશ્વમાં ધર્મના નામે મોટા મોટા કાર્યક્રમો અપાય છે. પરંતુ આપણે જોયું છે કે ધર્મ માનવતાને ભુલીને જાણે કે દુશ્મન હોય તે સ્થીતીએ વીશ્વમાં ઉન્માદ પ્રવર્તે છે. અગાઉ વીવીધ ધર્મો પાળવાવાળા પ્રેમથી એક જ ઘરમાં શાંતીથી ખુશહાલ જીંદગી જીવતા હતા. ત્યારે સાચા અર્થમાં ધર્મનું પાલન થતું હતું. આજે તો ધર્મના નામે કટ્ટરતા સર્જી ધર્મનું પાલન કરવાના બદલે ધર્મના વીરોધનું આચરણ થઈ રહ્યું છે. વીશ્વના બધા ધર્મના ઉપદેશકો ધર્મના નામે ધીક્કાર ફેલાવવાનું આચરણ કરી રહ્યા છે તેના કરતાં ધર્મમાં ન માનનાર સાચા અર્થમાં ધર્મના બુનીયાદી સીદ્ધાંતો, સદ્‌ભાવ, પ્રેમ અને ભાઈચારાનું આચરણ કરી રહ્યા છે ધાર્મીક કટ્ટરતા ત્યાગી માનવતાવાદી બનીએ...

**- અંબાલાલ ઉપાધ્યાય**

[મો. 99787 48497]

અમેરીકામાં ન્યુ ઓર્લીન્સમાં કેટેરીના વાવાઝોડાને કારણે હોનારત થઈ ત્યારે એક એનજીઓએ સેવા આપવાની

તૈયારી બતાવી. પરંતુ, જ્યોર્જ બુશે જવાબ આપેલ, 'આ સરકારનું કામ છે, સરકાર કરશે !' કોઈકની પાસે આ હોનારત વખતે સેવા આપતા એનજીઓના ફોટા/વીડીયો છે ? ભારતમાં કેટલીક સ્વૈચ્છીક સંસ્થાઓ રાહ જોઈને બેઠી હોય છે, ક્યારે હોનારત થાય ને ક્યારે દાન ઉઘરાવી શકે, ફોટા પડાવી શકે અને સંસ્થાને આર્થીક સદ્ધર બનાવી શકે !

દેશમાં સરકાર પછી કે સરકારને સમાંતર ધાર્મીક સંસ્થાઓની નાગરીકો પર અદ્ભુત પકડ છે. દેશ માટે દક્ષીણના તથા મુંબઈના મંદીરને સરકારે મંદીરનું સોનું ડીપોઝીટ કરવા વીનંતી કરેલ, પરંતુ, 'ભક્તજનોની લાગણી દુભાય', 'ગાળીને આપવું પડે' તેવા બહાના હેઠળ આ મંદીરોએ સરકારને સોનું ન આપ્યું. અલબત્ત, ગુજરાતના અંબાજી મંદીરે આપ્યાના સમાચાર છે. દેશ મહાન કે મંદીર ? મંદીરભક્તી આગળ દેશભક્તોએ ઝુકવું પડે. મોટા ધર્મસ્થાનોની તો એવી પકડ છે કે મંત્રીઓ, મુખ્યમંત્રીઓ, વડાપ્રધાનો અને વહીવટી અધીકારીઓએ મંદીરને શરણે જવું પડે ! માર્ચ નજીક આવે ત્યારે ખાસ ! નાણાંની અછત હોવાથી સરકારે ધાર્મીક સંસ્થાઓ પાસેથી લોન પાસ કરાવવી પડે છે ! અને સ્વામી દયાનંદ સરસ્વતીએ કહ્યું છે કે, 'મુર્તીપુજા ન કરો !' પરંતુ મુર્તીપુજા ક્યારેય નહીં અટકે !

પીપીપીના ધોરણે નફો મળે એવા પ્રોજેક્ટ થાય છે, પરંતુ ખેડુતો માટે બંધો બાંધવા કોઈ તૈયાર નથી. નેશનલ વોટર ગ્રીડ માટે પણ પીપીપી ધોરણે પહેલ થઈ નથી. નદીઓને જોડવાની યોજના કાગળ પર રહી છે. ચુંટણીમાં કોઈ મુદ્દા નહીં હોય ત્યારે આ યોજના યાદ આવશે. દેશના ખેતરોને પાણી મળતું થાય, ખેતરોમાં પાકતી પેદાશોનો ઉપયોગ થાય અને ખેતપેદાશોના વાજબી ભાવ અપાય તો ખેડુતો દેવાદાર જ ન થાય. પરંતુ, ખેત ઉત્પાદનના સટ્ટામાં જે કમાણી છે તે ખરેખર પાક ઉગાડતા ખેડુતને નથી થતી. સરકાર તરફથી મદદ કરાય છે ત્યારે ટોળાં ભેગાં કરીને મદદ લેનાર નાગરીકો પર ઉપકાર કરતા હોય તે રીતે લોકમેદની વચ્ચે મદદની જાહેરાત થાય છે, તેમાં સાયકલ કે સીલાઈ મશીન અપાય છે. છેલ્લા 25 વર્ષમાં સરકાર તથા એનજીઓ તરફથી અપાયેલાં સાયકલ અને ધાબળાનો સરવાળો કરો તો આખી દુનીયાના નાગરીકોને એક એક સાયકલ અને ધાબળો મળે તેમ બને ! દેશની અર્થવ્યવસ્થા એવી હોવી જોઈએ કે કોઈ વ્યક્તી 12 કલાક મહેનત કરે તો 10 વર્ષમાં પોતાનું મકાન બનાવી શકે. અહીં લઘુતમ વેતનનો અમલ જ થતો નથી. દરેક ફેક્ટરીના આધાર કાર્ડ બને તો જ સરકારને પણ ખ્યાલ આવશે કે મજુરોનું કેવું શોષણ થાય છે.

કોન્ટ્રાક્ટર અને પેટા-કોન્ટ્રાક્ટર એટલે શું ? કોન્ટ્રાક્ટર એટલે કોઈ રાજકારણીના સગાની કંપની કે પેઢી જે માત્ર ટેન્ડર મંજુર કરાવી શકે, બીલ પાસ કરાવી શકે. સબ કોન્ટ્રાક્ટર 10થી 20 ટકા તફાવતના ભાવે કામ લઈ લે. એક એન્જીનીયરે સબ-કોન્ટ્રાક્ટરને પુછ્યું, 'તમે જાતે ટેન્ડર ભરો તો બીલના ચેક તમારા નામના આવે; જો કોન્ટ્રાક્ટર પૈસા લઈને ફરી જાય તો તમે શું કરશો ?ટ 'સાહેબ, અમારું ટેન્ડર પાસ ન થાય અને કોન્ટ્રાક્ટર ફરી જાય તો તેનું સાચું સરનામું મારી પાસે છે. મારે તો મહેનતના પૈસા છે, મને વસુલ કરતાં આવડે છે.' ઘણીવાર સ્ટ્રક્ચરલ ડીઝાઈન પણ આવડતી ન હોવા છતાં રાજકારણીના સગાને ડીઝાઈન બનાવવા અપાય છે, તે બીજા એન્જીનીયરને સાથે રાખી ડીઝાઈન બનાવે છે. પરંતુ, જો કોઈ અકસ્માત થાય તો રાબેતા મુજબ જે તે સંસ્થાના એન્જીનીયરોને સકંજામાં લેવાય છે. આઈએએસ અધીકારી સત્ય જાણતા હોવા છતાં અસત્યની તરફેણ કરે છે !

દલાઈ લામા અરુણાચલ પ્રદેશની મુલાકાત લે છે તેમાં ચીન ભારતને ધમકાવે છે. પરંતુ, સરકાર ચીનથી આયાત થતો કચરો બંધ કરાવી શકતી નથી કે વધુ ટેક્ષ કે ડ્યુટી નાખવાની ધમકી પણ આપી શકતી નથી. સરકાર તો ઠીક, નાગરીકોને પણ ચીનની ચીજવસ્તુઓ વગર ચાલે તેમ નથી. દેશની ફેક્ટરીઓને બાંગ્લાદેશી સસ્તા મજુરો જોઈએ છે, સ્થાનીક નાગરીકો મોંઘાં પડે છે. જેથી બાંગ્લાદેશમાંથી ભારતમાં ગેરકાયદે ઘુસણખોરી થવાની જ ! સુરત નજીક એક વીસ્તારનું નામ જ બાંગ્લાદેશ પડી ગયું છે ! ખરેખર તો ગેરકાયદે બાંગ્લાદેશીઓને નોકરીએ રાખનારા પર મોટી રકમનો દંડ ફટકારવાની જોગવાઈની જરુર છે.

હવે ટ્રમ્પ ભારત-પાકીસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવા માંગે છે. સીમલા કરારનો અમલ પાકીસ્તાન નથી કરતું. ટ્રમ્પ પાકીસ્તાનને સીમલા કરારનો અમલ કરવા કહી શકે. અમેરીકાની મધ્યસ્થીથી કોઈ દેશને આજ સુધી ફાયદો થયો જ નથી. અમેરીકા પાકીસ્તાનને શસ્ત્ર સહાય કરતું જ રહેશે. જેથી ભારતે પણ શસ્ત્રોમાં વીદેશી ચલણ રોકવું પડે ! 1992માં અમોએ 'પ્રસ્થાન'માં લખેલ કે અમેરીકન મુડીવાદી બહુરાષ્ટ્રીય કંપનીઓ સ્થાનીક રોજગારી ખતમ કરે છે.

**- કુમારેશ ત્રીવેદી**

[એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ (મો) 98251 19004]

❑

# જવાહરલાલ નેહરુનું ઈતીહાસ દર્શન

કૃષ્ણકાંત સુ. પંડ્યા

[વલ્લભ વીદ્યાનગરમાં થીયો લૉજના ઉપક્રમે ચાલતી ચર્ચાસભા સમક્ષ નેહરુનું ઈતીહાસ દર્શન વીષયે આપેલ વક્તવ્યની નોંધ. આ પ્રવચન તા. 7-7-2008ને દીવસે આપેલું.]

ઈતીહાસ અને ઈતીહાસ પુરુષો વીશે જવાહરલાલજીએ કરેલા છુટાછવાયા ઉલ્લેખો અને વીશ્લેષણોને બાજુએ મુકીએ તો તેમનું ઈતીહાસ દર્શન મુખ્યત્વે તેમનાં બે ખુબ જ પ્રસીદ્ધ ગ્રંથોમાં જોવા મળે છે : (1) Glimpses of World History (વીશ્વ ઈતીહાસનું રેખાદર્શન), (2) Discovery of India (ભારત દર્શન).



અલબત્ત, તેમની આત્મકથામાં પણ ઠેર ઠેર તેમની ઈતીહાસ દૃષ્ટી અને ભુતકાળ અંગેની તેમની વીભાવના પ્રગટ થતી રહે છે. મહાત્માજીની માફક જવાહરલાલજીએ પણ તેમની જીવનકથા બહુ વહેલી લખી નાખી હતી અને ગાંધીજીની માફક જ જવાહરલાલજીની સર્વોચ્ચ સીદ્ધીઓ ત્યારપછી સાકાર થઈ.

આ ત્રણ ગ્રંથો મોટા ભાગે કારાવાસ દરમ્યાન લખાયા છે. જેલના કંટાળાજનક દીવસો બુદ્ધીગમ્ય રીતે પુરા કરવા માટે અને સાથોસાથ પોતાનું આત્મનીરીક્ષણ પ્રગટ કરવા માટે તેમણે આત્મકથા લખી. તેમ પોતાની નાનકડી દીકરી પ્રીયદર્શનીને દુનીયાના ઈતીહાસનો રસપ્રદ પરીચય કરાવવા માટે Glimpses of World history પત્રો રુપે લખ્યું. તો ભારતની અતી પ્રાચીન છતાંય નીત્યનવીન સંસ્કૃતીનાં પ્રેરક અને સંવર્ધક પરીબળોનું અહોભાવપુર્વક અવલોકન કરવા માટે Discovery of India (ભારત દર્શન) લખ્યું.

આ ત્રણે પુસ્તકોની વીશ્વભરમાં ખુબ જ સરાહના થઈ છે. પ્રશીષ્ટ અંગ્રેજ સાહીત્યકારોએ પણ નેહરુજીના આ પુસ્તકોમાં અંગ્રેજી ભાષા પરના પ્રભુત્વ અને સાહીત્યીક લાલીત્ય સંબંધી મ્હોંફાટ વખાણ કર્યા છે. પરંતુ વીડંબના એ છે કે આજે આપણા કેટલાક મહાનુભાવો Discovery of India પર Ban (બાન) મુકવાની માંગણી કરી રહ્યા છે. આ એ જ વર્ગનો સમુહ છે કે જેણે થોડા સમય પહેલાં પુણેની વીશ્વપ્રસીદ્ધ સાંસ્કારીક પ્રતીષ્ઠાન ભાંડારકર ઈન્સ્ટી.ને ક્ષુલ્લક કારણોસર આગ ચાંપી હતી. દુરીત પરીબળોની આમ પણ આપણે ત્યાં ક્યારે કમી હતી ?

જગતનો ઈતીહાસ એ વ્યક્તીઓની કે રાષ્ટ્રોની ખાસીયતોથી કે વીશેષતાઓથી નીપજતો નથી. પણ વીશ્વનાં વીવીધ પ્રવર્તમાન પરીબળોથી નીપજે છે. નેહરુજીનો હેતુ એટલું પુરવાર કરવાનો હતો કે ઈતીહાસ એટલે નેતાઓ કે સરકારોએ જે સીદ્ધ કર્યું હોય તે નહીં, પણ પ્રજાઓએ લોકોએ જે અનુભવ્યું હોય તે. સમાજમાં જે કંઈ ઘટનાઓ ઘટતી હોય છે - તે વીચારોનું, આર્થીક હીતોનું અને સામાજીક સંબંધોના આંતરપ્રવાહોનું પરીણામ હોય છે. તેઓ પોતે તેના ઉંડા વીશ્લેષણમાં ઉતર્યા ન હતા. તેમ છતાં સાધારણ રીતે તેઓ માનતા હતા કે જે વર્ગ - ઉત્પાદનનાં સાધનો ઉપર અંકુશ ધરાવે છે, તે જ વર્ગ શાસન કરે છે. તેઓ એમ પણ માનતા હતા કે માનવજાતનો ઈતીહાસ વર્ગવીગ્રહનો અને સામાજીક સંઘર્ષોનો ઈતીહાસ છે. તેમને એમ લાગતું હતું કે આ મુદ્દો સમજાય તો ભુતકાળને સમજવાની અને ભવીષ્યનો આત્મવીશ્વાસથી સામનો કરવાની શક્તી આવે અને અસરકારક સક્રીય પગલાં માટે તૈયાર થઈ શકાય.

જવાહરલાલ નેહરુ ઈતીહાસકાર નથી. ઈતીહાસના ઉંડા અભ્યાસી છે. આતુર વીદ્યાર્થી છે - ઈતીહાસરસીક છે. તેમને ઈતીહાસમાં કેવળ ભુતકાળનો અભ્યાસ કરવામાં રસ નથી. વીખ્યાત અમેરીકન ઈતીહાસજ્ઞ બ્રેસ્ટ્રેકે જેને જીવંત ભુતકાળ (Living Past) કહ્યો છે, જે જાણવાની નેહરુજીને તાલાવેલી છે. માનવીનો કે સમાજનો ભુતકાળ પુરેપુરો કદી ભુંસાઈ જતો નથી. ભુતકાળ યાદદાસ્તમાં જીવે છે.

કાર્ય પદ્ધતી, રીતરીવાજો, આદતો અને વ્યસનો, જીવન માટેની અપેક્ષાઓ અને આદર્શજીવન અંગેના ધોરણો, તેમજ

મુલ્યો અને સ્વપ્નો - આ બધું ભુતકાળની પેદાશ છે. વ્યક્તી જેમ પોતાના અનુભવોની પેદાશ છે. તેમ માનવવંશ પણ તેના ભુતકાલીન અનુભવોની સામે સંઘર્ષોની નીપજ છે.

મનોચીકત્સકો જેમ દરદીનો જુનો ઈતીહાસ જાણવા માગે છે કે જેથી તેની અત્યારની હાલતનું નીદાન કરી શકાય. તેવું જ આ ઈતીહાસરસીકોનું છે.

જવાહરલાલજીને ઈતીહાસની એ ક્ષણો પારખવામાં, મુલવવામાં રસ છે કે જે એક યા બીજી રીતે, એક અથવા બીજા સંદર્ભમાં આજે પણ સક્રીય છે - ચેતનવંતી છે. પરીણામદાયી છે. આવા જીવંત ઈતીહાસના આલેખનમાં અને તેની છણાવટમાં નેહરુજીનું ઈતીહાસદર્શન વધારે સ્પષ્ટ રીતે ખીલી ઉઠે છે.

**સમકાલીન** સૃષ્ટી અને સમસ્યાઓથી ઈતીહાસકાર વેગળા ખસીને ઉભાં રહી જાય છે. પણ તેવાં ક્ષેત્રોમાં નેહરુ સડસડાટ - વીના સંકોચે - ધસી જાય છે. કારણ કે તેમને Living Pastમાં રસ છે. અને આ જ બાબત તેમના ઈતીહાસ દર્શનનું મહત્ત્વનું પરીણામ છે. પરીણામે તેમનાં બંન્ને ગ્રંથોમાં - Discovery of India અને Glimpises of World Historyમાં નેહરુ ઈતીહાસને છેક પોતાના જમાના સુધી ખેંચી લાવ્યા છે.

**બુદ્ધ વીશે**

Discovery of Indiaમાં નેહરુજીએ બુદ્ધ વીશે પ્રકરણો લખ્યાં છે. જે તેમની વીદ્વતાનાં દ્યોતક છે. જવાહરલાલજી લખે છે કે પેરીસમાં ફ્રેંચ મનીષી અને લેખક આંદ્રે માલરો એમને પ્રશ્ન પુછે છે : ભારતવર્ષમાં 1000 વર્ષથી જે બૌદ્ધ ધર્મ હતો. એને હીંદુ ધર્મે કોઈપણ ધર્મયુદ્ધ કર્યા વીના કેવી રીતે દેશનીકાલ કરી દીધો ?

નેહરુ આ પ્રશ્નની વીદ્વતાપુર્વક સમીક્ષા કરે છે : ધર્મને નામે થયેલાં યુદ્ધોએ ઘણા દેશોના ઈતીહાસને કુરુપ બનાવી દીધાં છે. બૌદ્ધોની સામુહીક કતલ થઈ હોય એનાં પ્રમાણ નથી. કદાચ, બૌદ્ધ ધર્મનું એ પ્રાકૃતીક સમાપન હતું. કદાચ, હીંદુધર્મમાં અન્ય વીચારધારાઓનો સમાવેશ કરી લેવાની એક અદ્ભુત આંતરીક શક્તી હતી.

નેહરુ લખે છે : બૌદ્ધ ધર્મ હીંદુસ્તાનમાંથી અદૃશ્ય થઈ જવા પાછળ મને ઈતીહાસના એક વીદ્યાર્થી તરીકે જે કારણો લાગે છે, એમાંનાં કેટલાંક આ છે : (1) 8મી સદીમાં શંકરાચાર્ય દ્વારા હીંદુ ધર્મનું પુનરુત્થાન - અભીયાન (2) તુર્ક અને અફઘાન આક્રમકો દ્વારા ફટકારાયેલી બર્બરીતા - જેને કારણે શરુમાં જે મુસ્લીમ થઈ ગયા - એ બૌદ્ધો હતા. સીંધ અને પુર્વ બંગાળ બંને મુખ્યત્વે બૌદ્ધ હતા. (3) એ અંતરાલ દરમ્યાન બૌદ્ધ ધર્મમાં પ્રવેશી ચુકેલો અનાચાર અને (4) 4થી અને 5મી સદીમાં આવેલા ગુપ્તવંશના અત્યંત શક્તીશાળી રાજાઓ.

*નેહરુજીને સમાજવાદી વીચારસરણી પ્રત્યે તીવ્ર આકર્ષણ હતું. સમાજવાદ નેહરુ માટે કેવળ સુત્ર નથી પણ જીવનમંત્ર છે. નેહરુને પ્રચ્છન્ન સામ્યવાદી કહેનાર મહાનુભાવોની સંખ્યા અગાઉ નાની કે નજીવી ન હતી.*

નેહરુ પર તથાગતની અમીટ અસર હતી. ગૌતમ બુદ્ધના જીવન સાથે સંબંધીત બધાં જ સ્થાનોનો એમણે પ્રવાસ કર્યો હતો. એમણે લખ્યું છે કે આરંભમાં એડવીન આર્નોલ્ડનું 'Light of Asia' એમનું પ્રીય પુસ્તક હતું. પછી બૌદ્ધમાર્ગના એ અભ્યાસી બન્યા. છેવટે સ્વાતંત્ર્ય સમયે 1947માં જ્યારે હીન્દુસ્તાનનો રાષ્ટ્રધ્વજ નક્કી કરવાનો સમય આવ્યો ત્યારે ધ્વજની વચ્ચે સમ્રાટ અશોકનું ધર્મચક્ર મુકવાનો આગ્રહ નેહરુનો હતો. એ જ રીતે ભારતવર્ષની રાષ્ટ્રીય મહોર તરીકે કોઈક પ્રતીક નક્કી કરવાનો સમય આવ્યો ત્યારે નેહરુએ ત્રણસીંહવાળું બૌદ્ધપ્રતીક પસંદ કર્યું હતું. આ બંને સમ્રાટ અશોકના સાંચી સ્તુપમાંથી લેવામાં આવ્યાં છે. જેની પાછળ નેહરુજીનો આજીવન બુદ્ધપ્રેમ જવાબદાર હતો.

**સમાજવાદી વીચારસરણી :** નેહરુજીને સમાજવાદી વીચારસરણી પ્રત્યે તીવ્ર આકર્ષણ હતું. સમાજવાદ નેહરુ માટે કેવળ સુત્ર નથી પણ જીવનમંત્ર છે. નેહરુને પ્રચ્છન્ન સામ્યવાદી કહેનાર મહાનુભાવોની સંખ્યા અગાઉ નાની કે નજીવી ન હતી. આજે પણ નથી.

ઈતીહાસના અધ્યયન અને મનનના પરીણામે નહેરુ લોકશાહીવાદી રાષ્ટ્રભક્ત સમાજવાદી બન્યા હતા. રુઢીચુસ્તો (નાફેરવાદીઓ) જેમ નેહરુના 'સમાજવાદી'પણાથી ગભરાયા - તો ચુસ્ત સમાજવાદીઓ તેમની લોકશાહી અને રાષ્ટ્ર પ્રત્યેની નીષ્ઠાને કારણે પુર્વગ્રહ ધરાવતા હતા. પણ નેહરુનો રાષ્ટ્રવાદ હીટલર અથવા સુભાષચંદ્ર બોઝના રાષ્ટ્રવાદ કરતાં અલગ પડી જાય છે. આ અલગતા - આ વીભીન્નતા રવીન્દ્રનાથ ટાગોરે મનોહારી ભાષામાં રજુ કરી છે : તેઓ કહે છે - હું ભારતનો ભક્ત છું. એટલે કે દુનીયાની ભુગોળના એક ટુકડાનો ભક્ત નથી. ભારતમાં જન્મ્યો છું, તેથી ભારતનીષ્ઠ નથી. પણ ભારતીય સંસ્કૃતીએ સંગોપેલા અને વીકસાવેલા ઉચ્ચત્તમ માનવ આદર્શો અને લક્ષ્યો : સત્યમ્ - શીવમ્ - સુન્દરમ્

પ્રત્યેની મમતાને કારણે હું ભારતનીષ્ઠ છું. દેશપ્રેમી છું. નેહરુ પણ આમ જ કહી શક્યા હોત. તેમનું વલણ પણ આવું જ હતું.

ભારતીય પરંપરાના પ્રશંસક હોવા છતાં નેહરુ શ્રદ્ધાળુ ભારતીય નથી. અનેક સમાજો અને રાષ્ટ્રોની ચડતીપડતીની કથાથી વાકેફ નેહરુ સ્પષ્ટ જોઈ શક્યા હતા કે માનવીની બુદ્ધી અને તર્કશક્તી વ્યક્તીગત અને સામુહીક વીકાસનું એકમાત્ર સાધન છે. તર્કના સ્થાને અંધશ્રદ્ધાનું સ્થાપન કરનાર માનવી અને સમાજની ઝડપભેર અવનતી થાય છે. તેથી ભાવી સમાજે હરપ્રકારના અગમ્યવાદ અને અંધશ્રદ્ધાને પડતાં મુકીને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવો પડશે. આવી જ્ઞાનપરસ્તી નેહરુના મનોજગતનું મહત્ત્વનું અંગ છે. ભુતકાળ ગમે તેટલો ભવ્ય હોય છતાં વર્તમાનકાળની ઉપેક્ષા કરી શકાય નહીં, તેવો તેમનો નીશ્ચીત મત હતો.

જગપ્રસીદ્ધ ઈતીહાસકાર આર્નોલ્ડ ટોયન્બીના ઈતીહાસ વીશેના મંતવ્ય નીચે નેહરુ લીટી દોરી આપે છે અને કહે છે કે માણસને પસંદગી કરવાની સાચી સ્વતંત્રતા હોય છે જ. આપણું ભાગ્ય આગળથી નક્કી કરેલું હોતું નથી. આપણું ભાગ્ય આપણે જ નક્કી કરીએ - જીવન અને શુભની પસંદગી કરવાની વેળાએ આપણે મૃત્યુ અને અનીષ્ટને પસંદ કરીએ છીએ. તો તે આપણા નાશનું કારણ બને છે.

**વૈજ્ઞાનીક જીવનદૃષ્ટી :**

નેહરુના જીવનદર્શનમાં ઈતીહાસ દૃષ્ટીએ જેટલો ભાગ ભજવ્યો છે તેટલો જ - બલ્કે તેનાથી પણ વધારે ભાગ તેમના વીજ્ઞાન પ્રત્યેના અભીગમે ભજવ્યો છે. ભારતીય સમાજે વૈજ્ઞાનીક જીવનદૃષ્ટી કેળવવી પડશે. અને જ્ઞાન-વીજ્ઞાનનાં ક્ષેત્રોમાં દુનીયાએ સીદ્ધ કરેલી હરોળમાં - મોખરે ઉભા રહેવું પડશે, તેવો આગ્રહ તેમણે સતત સેવ્યો હતો.

સત્તાસ્થાને આવ્યા પછી વીજ્ઞાનના જુદા જુદા ક્ષેત્રો અંગે પ્રયોગશાળાઓ સ્થાપીને નવાં ઉભાં થઈ રહેલાં ઔદ્યોગીક સંકુલો અને જળબંધોને તેમણે 'આધુનીક મંદીરો' અને 'યાત્રા ધામો' તરીકે બીરદાવ્યા હતા.

નેહરુજીએ આ દેશને ઔદ્યોગીક વીકાસ માટેનું આધારતંત્ર (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) આપ્યું છે, એ વાત આજે ભુલાઈ જવા પામી છે. હીરાકુંડથી ભાખરા, ભીલાઈથી દુર્ગાપુર, નેશનલ ફીઝીકલ લેબોરેટરીથી આઈઆઈટી, સીંદરીથી ચીત્તરંજન લોકોમોટીવ સુધી જે પ્રતીષ્ઠાનો આજે ભારતમાં ઉભાં છે - એ નેહરુની ઈતીહાસના એક અભ્યાસી તરીકેની આર્ષદૃષ્ટી હતી. આ વાત કટ્ટરમાં કટ્ટર નેહરુદ્વેષીઓએ પણ સ્વીકારવી પડશે. વીજ્ઞાનના મહત્ત્વ સંબંધી તેમનું એક સુત્ર બહુ જાણીતું છે : ભવીષ્ય વીજ્ઞાનનું છે અને એ લોકોનું પણ - જેઓ વીજ્ઞાનની સાથે ચાલશે.

> *નેહરુના જીવનદર્શનમાં ઈતીહાસ દૃષ્ટીએ જેટલો ભાગ ભજવ્યો છે તેટલો જ - બલ્કે તેનાથી પણ વધારે ભાગ તેમના વીજ્ઞાન પ્રત્યેના અભીગમે ભજવ્યો છે. ભારતીય સમાજે વૈજ્ઞાનીક જીવનદૃષ્ટી કેળવવી પડશે.*

**આંતરરાષ્ટ્રીય રાજકારણમાં શાંતીદુતની ભુમીકા :**

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વીશ્વના તખ્તા ઉપર તેમણે અપરીહાર્યપણે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. In fact, He had brought this country on the map of the world.

માર્શલ ટીટો, અબ્દુલ ગમાલ નાસર અને નેહરુની ત્રીપુટીએ સોવીયેટ યુનીઅન અને અમેરીકા જેવી બે બળવાન મહાસત્તાઓ વચ્ચે એક જબરજસ્ત - પાવરફુલ બેલેન્સીંગ સેન્ટર ઉભું કર્યું હતું. ઈતીહાસે એ બાબતની નોંધ લીધી છે કે ત્રીજા વીશ્વના આ મહારથીઓએ બેલેન્સીંગ પાવર સેન્ટર ઉભું કરીને ત્રીજા વીશ્વયુદ્ધની સંભાવનાઓ ઉપર નીશ્ચીતપણે 'બ્રેક' મારી દીધી હતી.

**નેહરુજીની અભયવૃત્તી**

બ્રીટનના મહાન મુત્સદી વીન્સ્ટન્ટ ચર્ચીલે નેહરુજીના નીર્ભયપણા અને નીખાલસ સ્વભાવ વીશે ઉચ્ચારેલા શબ્દો યાદ કરીએ : પ્રસંગ કંઈક આમ હતો - 1950માં નેહરુ અમેરીકાની ઓફીશીયલ વીઝીટ પતાવીને ઈંગ્લેન્ડમાં થોડાંક સમય માટે રોકાયા હતા. ઈંગ્લેન્ડના તે વખતના વડાપ્રધાન શ્રી એટલીએ વીરોધપક્ષના નેતા ચર્ચીલને નેહરુજીનો ઔપચારીક પરીચય આપ્યો. ચર્ચીલનો પ્રતીભાવ સાંભળીએ : નેહરુજીને ઉદ્દેશીને કહે છે - 'I would have liked to be with you and introduced you to American audiences. Do you know how I would have introduced you - I would have said, `Here is a man who has overcome two of the greatest failings of human nature. Ha has neither fear nor hatred.'

નેહરુજી જવાબમાં કહે છે : 'Thank you' અને ઉમેરે છે : That is high praise.

ચર્ચીલ જવાબ આપે છે : 'Yes, and I am not saying it on the spur of the moment I' ve been thinking about is and I mean it...

છેલ્લે, આપણા મુર્ધન્ય કવી ઉમાશંકરના શબ્દો યાદ કરીએ... ભારત નેહરુને મહાન અશોક અને અકબર જેવા ઉદારદીલ રાજર્ષીઓ સાથે સંભારશે. નેહરુના જવાથી 50 વર્ષ સુધી ચાલેલા ભારતના ઈતીહાસમાં ગાંધી-નેહરુ-સરદારના યુગનો અંત આવે છે.

ગાંધી-નેહરુમાં પાયાની એક સમાનતા નજરે પડે છે અને તે છે - માનવ પ્રત્યેના અનર્ગળ પ્રેમની- અવૈરની.

નેહરુ પોતાને પુર્વ અને પશ્ચીમના વીચીત્ર મીશ્રણ તરીકે ઓળખાવતા. યુવક નેહરુ પશ્ચીમની ભારતને ભેટ હતા... તો શાંતીપુરુષ મહામાનવ નેહરુ એ બુદ્ધ અને ગાંધીના ભારતની જગતને અનોખી બક્ષીસરુપ હતા. નેહરુજીએ આત્મકથામાં ભારતભુમી પ્રત્યે પ્રેમને આ શબ્દોમાં વ્યક્ત કર્યો છે : 'ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ. ભારતની માટીમાં મળું, ત્યાં લહેરો મુજ સ્વપ્નાંનો દેશ-'

તીનમુર્તી હાઉસમાં - તેમની ઓફીસ રુમમાં અમેરીકન કવી રોબર્ટ ફ્રોસ્ટના એક કાવ્યની અંતીમ પંક્તીઓ એક સુંદર મઝાના ગુલાબની પુષ્પકળીની સુંદર છબી નીચે કોતરાયેલી છે. જેમાં તેમના જીવનધ્યેયનું દર્શન થવા પામે છે :

**The woods are lovely, dark and deep**
**But I have promises to keep**
**And Miles to go Before I sleep**
**And Miles to go Before I sleep**

(વનડાં મારાં વ્હાલાં, કંઈ ઘેરા ને ઉંડા
કંઈ ઘેરા ને ઉંડા
પણ મારે તો વાયદા નભાવવા
ને જોજનો રે કાપવા આંખો મીંચાતાં પહેલાં
ને જોજનો રે કાપવા આંખો મીંચાતાં પહેલાં.

(પંડીત નેહરુની પુણ્યસ્મૃતી નીમીત્તે)

❑

**(પાના 12નું અનુસંધાન)**

આવે ભુંડે હાલે મરવાનું !! મારું મોત તો કેવી ભવ્ય સીદ્ધીઓ પછી, કેવી ગૌરવશાળી રીતે થવું જોઈએ !

હૉફમને કહ્યું છે કે મૃત્યુ સાથે આટઆટલી વાર સન્મુખદશા સેવ્યા પછી હવે મૃત્યુનો ડર મને રહ્યો નથી. અને એકવાર તમને મોતનો ડર ન રહે પછી તમે જીવનમાં ઘણી બહાદુરીપુર્વક પેશ આવી શકો છો. આપણે ઘણીવાર પુણ્યપ્રકોપ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. પણ એ શબ્દનો અર્થ બહુ ઓછા લોકો જાણે છે. કશુંક ઈચ્છનીય કાર્ય જ્યારે પોતાનાથી ન થાય, બીજાઓ ન કરે અને એ કાર્ય તરછોડાય ત્યારે એક પ્રકારનો ગુસ્સો આવે તે પુણ્યપ્રકોપ.

જીવનમાં આવો પુણ્યપ્રકોપ કેવા પ્રકારે જન્મી શકે એનું એક સરસ ઉદાહરણ હૉફમન આપે છે. એ કહે છે : 'ધી ગોડફાધર'ના લેખક મારીઓ પુઝોનાં પત્નીને કેન્સર થયું હતું. એની સારવાર માટે એક નર્સને રાખવામાં આવી. આગળ જતાં એ નર્સની સાથે જ પુઝોએ બીજાં લગ્ન કર્યાં. અને આ કોઈ અસાધારણ ઘટના નહોતી. હૉફમનની માતાને પણ કેન્સર થયું હતું અને એની નર્સ તરીકે આવેલી મહીલા જ પછી હૉફમનની માતા બની. આ સ્ત્રી તરફ હૉફમનને ખુબ માનની લાગણી હતી, કારણ કે એ ઘણી અનુકંપાશીલ સ્ત્રી હતી. મા-દીકરો ઘણીવાર જીવન અને એના અનુભવો વીશે વાતોએ ચડી જતાં. એની વાતો દરમીયાન એકવાર હૉફમને માતાને પુછ્યું, 'તમે તો ઘણાં ઘણાં દર્દીઓના સંપર્કમાં આવ્યાં હશા. કેન્સરનાં દર્દીઓની સેવાની તમારી સ્પેશીયાલીટીને કારણે તમને એવાં દર્દીઓના સૌથી વધુ અનુભવ થયા હશે. મને કહેશો કે એ દર્દીઓમાં સૌથી વધુ વ્યાપક લાગણી કઈ હોય છે ?'

'ક્રોધ,' માતાએ તરત જ ઉત્તર આપ્યો.

'ક્રોધ ? જ્યારે પોતે મરવાનું લગભગ નક્કી હોય ત્યારે ક્રોધ ? એવી વેળાંએ તો માણસ પોતાની આસપાસની સમસ્ત સૃષ્ટી પ્રત્યે ભીનાશ કેળવે !'

'હા, બેટા, ક્રોધ આ લોકોની સર્વોપરી લાગણી હોય છે.' માતાએ કહ્યું. 'પરંતુ તું જે અર્થમાં સમજે છે તે અર્થમાં નહી. બાહ્ય સૃષ્ટી તરફ તો એ લોકો કુણાં બની જાય છે, પણ ક્રોધ એમને પોતાની જાત તરફ આવે છે. પોતે જીવનમાં કેવું કેવું કામ કરી શક્યા હોત, પણ ના કર્યું, એનો ક્રોધ !'

હૉફમન કહે છે કે કેન્સર થયા પહેલાં જ આપણે આપણી જાત પ્રત્યે આવો 'ક્રોધ' કેળવીએ તો કેવું સારું !

[yeshwant.mehta.1938@gmail.com]

❑

## ગુજરાત 2017

**મનીષી જાની**

તમાશાને તેડું ના હોય !
ના રે ના !
તમાશાને તો તેડું જ હોય.
જુઓ
પેલો
ચંદુ
નદી પરના
પુલ પરના
થાંભલે ટેકવેલી
સીડી પર
ધ્રુજતા પગે
ઉભો ઉભો
ખભે તેડેલાં
રોશનીની લાઈટોના
સીરીઝના ગુંચળાને
ઉકેલી ઉકેલી
થાંભલે ટીંગાડી
રહ્યો છે...
સીડીને
ઠપકારતાં
ખેડુતે પુછ્યું :
“કોના લગન છે ?
કે પછી
મા’રાજની કથા છે ?”

“લગન તો મારા દીકરાનાં લીધા છે.
એટલે તો અહીં
રાતદાડો ગુડાયો છું,
હવારથી મંડાયો છું,
તે હજી એક જ
બાજુ પતી...
સીડી પકડી રાખજે ભઈલા !
...ને પાછી
ઘસડી ઘસડી ને
સીડીનો એક પગ ય
ભાંગ્યો છે...

“તારી તો સીડી
ભાંગેલી છે,
અહીં તો હું
પુરેપુરો ભાંગેલો છું
ને
ગામડેથી
ભાગેલો છું.
મારાં ઘરેય
દીકરીનાં લગનનાં તોરણ
બંધાયેલા છે...
ને
માથે દેવાંનાં ડુંગર છે.
સીડી બરાબર પકડી છે,
ચંત્યા ના કરીશ,
હું તો અહીં તમારી
સાબરમતીમાં
કુદવા આયો ’તો
ને આ તો
તારી સીડી પકડી નાંખી...”

“સીડી બરાબર પકડજે
નહીંતર
સીડી સ્વર્ગની સીડી...”
“ના ભઈલા,
તું તારું કામ કર...
મારે તો કાયમનું કામ
પુરું કરવાનું છે...
ટામેટાંએ તો રાતાં પાણીએ
નવડાવ્યાં...
ને
અમારાં બંધાયનાં
લાલ લાલ લોહીને
પીળું પચ્ચાક કરી બેહાલ કરી નાંખ્યા...”

“ઓહો, ભાવ ના મલ્યા ?”

“ભાવની ક્યાં પયણે છે ?
થાકી હારી રોડ પર
બધે ટામેટાં જ ટામેટાં...”
“લે,
કર વાત...
અમે તો નેહાળમાં ગાતાં’તાં
નદી કીનારે ટામેટું... ટામેટું
ઘી ગોળ ખાતું’તું ખાતું’તું...
નદીએ ન્હાવા જાતું’તું...”

“... ઘી ગોળ ?
અહીં તો જાનૈયાંને
જમાડવા કેમ,
એની જ રામાયણ છે !
ને છોકરો ફટફટીયું માંગે છે,
વ્હાલી દીકરીને વૈતરું કરાવશે ને
પોતે ફટફટીયે ફરશે,
રુપીયા લાવવા ચ્યોંથી ?
ને નદીએ ન્હાવાની ક્યાં વાત ?
ટામેટાંએ જ કાયમ માટે
નવડાવી નાંખ્યા મુવાએ...”

“મારેય એ જ રામાયણ,
કાળઝાળ મોંઘવારીમાં
ઘરે માંડવો બાંધવાનો ને
છોકરીનો બાપ માંગે છે
પુરા પચ્ચા હજાર ! જાણે
છોકરી વેચવા નીકળ્યો બજારે !
એટલે અઠવાડીયાથી
રાતદાડો મંડાયો છું...
આજે તો આખી રાત
સીરીઝો લગાડું તો જ
પુલ પુરો થાય...
કાલથી તો બધું

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-5-2017

લબુક ઝબુક ચમકવાનું...
ચકાચક..."

"હા ભઈ તમારે
શહેરનાંને લહેર છે...
બધું લાલ, પીળું ને વાદળી...
અમારે તો બધું
કાળું ધબ્બ !"

"તે, તારે ચઢવું છે સીડીએ ?"
"હા, હા, કેટલાં આપીશ ?"
"અત્યારે નહીં, કન્ટ્રાટીને વાત કરું,
આ લાઈટું આખા શહેરમાં
ચઢાઈ છે...
ચઢે તે ઉતરેય ખરું ને ?"

"તે ક્યારે ઉતારવાની ? કાલે ?"
"ના રે, કાલથી તો ચમકવાની...
આખું ય શહેર, લાલ લીલું ને પીળું,
કશુંય ના દેખાવું જોઈએ કાળું !"
"તે આ બધું માંડ્યું છે શું ?
આખું શહેર ભુરું લીલું લાલ ?
અમારા ગાંડાની તો ઉતરી ગઈ

છે ખાલ !"
"એ બધી કંઈ હમજ નહીં,
મોટાં મોણસોની મોટી વાત,
આપણે તો લાઈટું
સીરીઝો તેડી તેડીને ફરીએ...
કે છે કે
આખું ગુજરાત
મે મહીનાની પેલી તારીખે
જનમેલું...
અને સરકારી સાહેબોને ય

પેલી તારીખે પગાર થાય,
એટલી ભઈલા મને ખબર,
અમાર કન્ટ્રાટી તો
મનફાવે ત્યારે મજુરી આલે..."

એમ કહેતાં
ચંદુ નીચે ઉતર્યો.
ખીસ્સામાંથી બીડી કાઢી
ખેડુતને આપતાં
બીજાં ખીસ્સામાંથી
માચીસ કાઢીને
દીવાસળી ઘસી
દીવાસળી ચમકીને હોલવાઈ ગઈ...
'આ તે કેવી તે રાશી દીવાહળી,
પુરી હળગે એ પેલાં જ
રામ રામ !
એક પેટીનો એક રુપીયો,
શું જમાનો આયો છે ?'

માંડ માંડ પેટાવેલી
બીડીનો કસ ખેંચતા
ખેડુતે પુછ્યું :
"પરમ દા'ડે તાયફો પુરો ?
આવું રોશની ઉતારવા ?"

"ના, ભઈલા ના,
આ તો અઠવાડીયાનો
તમાશો."

"અઠવાડીયાનો ? ભારે કરી !
એટલાં દા'ડા તો ના પોષાય..."

પહેલી મે ની રાત લગી
ચાલવાનું, પછી પાછું

આજના જેવું અંધારું.
અંધારું અંધારું ને પાછું
જ્યાં જુઓ ત્યાં
તમાશાના ઉકરડા !
ઉકરડા સફાઈનું કામ ય
અઠવાડીયું ચાલવાનું !
"રોકાઈ જા ભઈલા,
કામ તો મલવાનું...."

"એટલા દા'ડા
આ શહેરમાં
લબક ઝબક રોશનીઓ
જોઈને પેટ ના ભરાય..."
એમ કહેતાં ખેડુતે
પતી ગયેલી બીડીનું ઠુંઠું
નીચે નદીમાં નાંખ્યું...
સાબરમતી નદીમાં,
નર્મદા નદીનાં પાણીથી
બનાવાયેલા તળાવમાં
બીડીનાં ઠુંઠાનો પડવાનો
અવાજ લગીરે કોઈને
ના સંભળાયો...
25 એપ્રીલ 2017

❑

**નયા માર્ગ**

**વાંચો અને વંચાવો**

**વાર્ષિક લવાજમ**

**₹ 150**

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001